

# અધ્યાત્મ

વર્ષ—૪ અંક—૪ જાન્યુઆરી—૧૯૮૩

## * આજીવન સભ્ય *

અધ્યાત્મના નવા નોંધાયેલ આજીવન સભ્યોનાં નામ નીચે પ્રમાણે છે:–

૨૭૩ શ્રી સન્મુખભાઇ નાથુભાઈ ભક્ત, કપુરા. રૂા–૨૫૧
૨૭૪ શ્રી કૌશિકભાઈ બી. દેસાઈ, અમદાવાદ. રૂા–૨૫૧
૨૭૫ શ્રી ધીરૂભાઈ ગુલાબભાઇ નાયક, અમદાવાદ. રૂા–૨૫૧
૨૭૬ શ્રી બચુભાઈ પ્રહલ્લાદભાઇ પટેલ, અમદાવાદ. રૂા–૨૫૧
૨૭૭ શ્રી શાન્તિભાઇ નરભેરામ જપી, મુંબઈ. રૂા ૨૫૧

## * પરદેશના *

અધ્યાત્મના પરદેશના આજીવન સભ્યોમાં પણ ધીમે ધીમે પ્રગતિ થતી રહે છે. નવા નોંધાયેલ સભ્યનું નામ નીચે પ્રમાણે છે:–

શ્રી. વસંત પી. ભક્ત પનામા. રૂા. ૧૫૦૧
(શ્રી બચુભાઇ સી. ભક્ત, બાજીપુરા મારફત)

## * સદ્ભાવભરી ભેટ *

અધ્યાત્મ પ્રત્યેના પ્રેમને લીધે વાંચકો માસિકને શુભ-પ્રસંગોએ યાદ રાખીને ભેટ મોકલાવે છે. છેલ્લા એક માસ દરમ્યાન મળેલ ભેટ નીચે પ્રમાણે છે.

રૂા. ૫૦ શ્રી મહેન્દ્રભાઇ પંચોલી અને જયંતીભાઇ સી. પટેલ કેનેડા તરફથી
૧૦૦ શ્રી કાન્તિભાઇ ભીમજીભાઈ પરીખ, વડોદરા
૧૧ શ્રી એલ. એ પટેલ
૩૧ શ્રી ઠાકોરભાઈ એમ. શાહ વડોદરા
૧૧ શ્રી ચંદ્રકાન્તભાઈ બી. ટેલર રાંદેર
૧૧ શ્રી શાંતાબેન ભગવતીભાઈ ટેલર રાંદેર



શ્રી યોગેશ્વરજી

## આમંત્રણ

મારા જીવન આંગણે આવો હરિ,
મીઠી પ્રેમની બંસી બજાવો જરી.

મન મધુવનની ગલીએ ગલીએ,
પુનિત પગલી પાડો તમે

પળપળ વીતી જાય છે સાચે,
વેગે વહેલા આવો તમે.

હૃદયાસન પર સ્નેહે બિરાજો,
જીવનભરના તાપ હરો.

રસેશ્વરી હું બની તમારી,
રસેશ્વર બની આવો ભલે.

અખંડ ચૂડી અર્પીને, હરિ!
સંતાયા કયાં વિશ્વમહીં ?

ફરી ફરી આવોને, હે મોહન!
મહોત્સવ બને આ જીવન.

—શ્રી સર્વેશ્વરી

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
વર્ષ : ૪ અંક : ૪ છૂટક નકલ ૧–૫૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂા. ૧૫–૦૦ વિદેશમાં રૂા. ૧૨૫–૦૦ ( વિમાનથી )

**સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી**
સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ
સાંઇકૃપા, જવાહર ચોક, ગોપાલકુંજના નાંકે
મણીનગર, અમદાવાદ–૮

**તંત્રી–સંપાદક :**
શ્રી નારાયણ હ. જાની

**સહસંપાદકો :**
શ્રી નાનુરામ દુધરેજિયા
શ્રી ભાઈલાલભાઈ છાટબાર
શ્રી મણિભાઈ સી. શાહ

**સલાહકાર મંડળ :**
શ્રી સર્વેશ્વરી
શ્રી રમણીકલાલ ભોગીલાલ શાહ (ભાવનગર)
શ્રી વિઠ્ઠલ પંડ્યા (મુંબઇ)
શ્રી બાબુભાઈ વ્હોરા ( અમદાવાદ )
શ્રી જે. વી. શાહ (મુંબઇ)
શ્રી શાંતિભાઈ કનેરીયા (રાજકોટ)
શ્રી રાજેશભાઈ કાપડિયા (ભાવનગર)

**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :**
'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી
સરદારનગર, ભાવનગર–૩૬૪ ૦૦૧

**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :**
નારાયણ હ. જાની ફોન : ૨૮૬૯૩

**મુદ્રણસ્થાન :**
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ
લોખંડબજાર, ભાવનગર–૩૬૪૦૦૧

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવા.

- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવહેવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિ:સંકોચ કરવા અનુરોધ છે
- દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ મળી જશે, તેમને તા. ૧૦મીએ અંક રવાના કરવામાં આવશે.

# * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| ત્યાગભાવથી ભોગવવાની ભાવના | 3 | શ્રી યોગેશ્વર |
| ભગવાનને જોયા છે ? | ૭ | શ્રી ફાધર વાલેસ |
| પતિતામાંથી પતિતપાવની બનેલી હરિદાસી | ૯ | નારાયણ હ. જાની |
| " જીવ અને ઈશ " | ૧૪ | ઈશ્વરલાલ મ. શાહ |
| ૧૦૧ ઉપવાસ પછીનો મહાત્માજીનો પારણાં–દિન | ૧૬ | શ્રી બાબલાલભાઈ છાટબાર |
| પ્રકાશના પંથે | ૨૧ | શ્રી દીપકભાઈ મહેતા |
| મનુષ્ય શરીર પ્રભુને પામવા માટે છે | ૨૫ | મણિભાઈ ૨ દવે |
| શુચિ શ્રાદ્ધ | ૩૦ | શ્રી યોગેશ્વરજી |
| ટૂંકા પ્રવાસમાં | ૩૧ | શ્રી યોગેશ્વર |
| અકલિત કલા પ્રભુ તારી | ૩૨ | અશ્વિન પટેલ |
| વિશ્વમાતા | ૩૩ | શ્રી આશા ત્રિવેદી |
| "જીવનને લેજો સુધારી !" | ૩૯ | શ્રી જગદીશચંદ્ર આચાર્ય |
| મારે ભવસાગર તરવો છે | ૪૦ | કમલા ઠક્કર |
| રાજસ્થાનનાં સ્ત્રીસંત શ્રી કરમૈતી | ૪૨ | શ્રી વિજય પુરોહિત |
| મા સર્વેશ્વરી | ૪૮ | કાન્તાબેન જાની |
| પ્રેમનું મોતી | ૪૯ | રણજિત પટેલ |
| પૂ. મોટાના જીવન પ્રસંગો | ૫૦ | " અનુરાગી " |
| મહાત્મા મસ્તરામ | ૫૪ | રાજેન્દ્ર જાની |
| પ. પૂ. શ્રીયોગેશ્વરજીની પ્રવૃત્તિ–સમુદ્રને પેલેપાર | ૫૭ | તંત્રી |
| રામકથા | ૬૧ | શ્રી યોગેશ્વરજી |





# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

વર્ષ : ૪ જાન્યુઆરી-૧૯૮૩ અંક : ૪


## ત્યાગભાવથી ભોગવવાની ભાવના

વૈદિક ઋષિઓએ કહ્યું છે કે જીવનમાં ત્યાગભાવ ના હોય તો તેની કાંઈ જ કીમત નથી. તેવું જીવન સ્વાર્થી, એકલપેટું અથવા તો બોજારૂપ બની જાય છે. એ જીવન પોતાની પ્રગતિના પવિત્ર કામમાં ખપ નથી લાગતું તે તો ખરું જ, પરંતુ બીજાના કામમાં પણ નથી આવી શકતું. એવા જીવનને સાચા અર્થમાં જીવન ના કહી શકાય બહારથી જોતાં તે જીવન હોય છે એ સાચું છે, પરંતુ અંદરખાનેથી સૂક્ષ્મરીતે વિચારતાં, મરણની આવૃત્તિરૂપ જ હોય છે. એવું જડ જીવન જે જીવે છે તે એની સાચી કીમત નથી સમજતા. એ જીવનની પાછળ જે આદર્શ છે, એની અંદર જે શક્તિ છે, અને શક્યતા છે, એનો એમને ખ્યાલ જ નથી. અથવા તો એ ખ્યાલનો એ આચારમાં અનુવાદ નથી કરી શકતા.

એ ત્યાગભાવનો પ્રતિધ્વનિ પાડતાં વૈદિક ઋષિઓએ એક સુંદર સૂત્રની રચના કરી છે : तेन त्यक्तेन भुंजीथाः । પાછળથી ગીતાએ પણ એ વાક્યના રહસ્યને ઉપયોગી માનીને આત્મસાત કરી લીધું છે, અને માનવસમાજના મંગલને માટે એનો ઉપદેશ કર્યો છે. ગીતાનો એ મહામૂલ્યવાન, જીવનોપયોગી, અમર ઉપદેશ કે સંદેશ છે. એને લીધે ગીતાની મહત્તા અનેકગણી વધારે થઈ પડી

છે. એ સંદેશનો અર્થ સમજી લઈએ તો આદર્શ જીવન જીવવામાં મોટી મદદ મળે તેમ છે

**तेन त्यक्तेन भूंजीथाः** કહીને ઋષિ આપણને સંદેશ આપે છે કે આ જગતમાં જે કાંઇ દેખાય કે અનુભવાય છે અને જે કાંઇ પ્રાપ્ત થાય છે તે બધું ઈશ્વરથી આચ્છાદિત અથવા તો ઈશ્વરનું છે. તેના પર મુળભૂત અધિકાર ઈશ્વરનો છે. માનવ તો એનો માત્ર સંરક્ષક છે. એટલે જીવનમાં પ્રાપ્ત થતા પદાર્થોને ઈશ્વરના માનીને એમનો ઉપભોગ એણે અવશ્ય કરવો, પરંતુ ત્યાગભાવથી કરવો. જે ત્યાગભાવને તિલાંજલિ આપીને એ પદાર્થોનો ઉપભોગ કરે છે તે ચોર છે, સ્વાર્થી છે, અને અપરાધી છે. એવો માણુસ પાપી છે એવું કહેવામાં પણ કશી અતિશયોક્તિ નથી થતી.

ત્યારે ત્યાગભાવનું રહસ્ય શું છે? અથવા તો ત્યાગભાવથી ભોગવવાની પાછળ કયી ફિલસૂફી સંકળાયેલી છે? આપણે જાણીએ છીએ કે માણુસ પોતાના જીવનમાં શ્રમ કરીને ઈશ્વરની કૃપાથી બળ મેળવે છે, ધન મેળવે છે, સંપત્તિ ઐશ્વર્ય કે વિદ્યાની પ્રાપ્તિ કરે છે, અને સત્તા કે પદના ઊંચામાં ઊંચા આસનપર આસીન થાય છે. એ દ્વારા એ જીવનમાં આનંદ અથવા તો સુખનો અનુભવ પણ કરતો હોય છે. એવી રીતે જીવનમાં સુખ અથવા આનંદનો આસ્વાદ લેવાની ના નથી. એવો આસ્વાદ એ ભલે લે; પરંતુ પોતાના જ સુખનો, આનંદનો, શ્રેયનો તેમજ પોતાની જ શાંતિ, સમૃદ્ધિ ને સમુન્નતિનો વિચાર કરીને જો એ બેસી રહેતો હોય, તો તે બરાબર નથી. એ વૃત્તિ, પ્રવૃત્તિ કે પદ્ધતિ તેને પોતાને માટે તેમજ સમસ્ત સમાજને માટે ઘાતક થઈ પડવાની અથવા તો અમંગલ થવાની. જો એ એવી રીતે એકલપેટો બને તો બીજાને એની દ્વારા કશું જ ના મળે. અને એવી રીતે સમાજ એની સેવા-સહાયતાથી વંચિત બની જાય. એટલા માટે માણુસે એવી વિઘાતક



વૃત્તિ તથા પ્રવૃત્તિનો ત્યાગ કરવો જોઈએ. જેની પાસે વિદ્યા છે તે તેનાથી પોતાની સુખાકારી તથા શાંતિ પ્રાપ્ત કરવાની સાથેસાથે, બીજાની સેવાના મહાયજ્ઞમાં પણ તેનો ઉપયોગ કરે : બીજા નિરક્ષર કે અવિદ્યાવાળા માનવોના મનમંદિરમાં પ્રજ્ઞાનો પાવન પ્રકાશ પાથરવાનો પ્રયાસ કરે : ધનવાન પોતાનું ધન પોતાના જ એશ- આરામમાટે વાપરવા ને વેડફવાને બદલે બીજાં લોકોપયોગી કામોમાં પણ તેનો ઉપયોગ કરે : સત્તા તથા શક્તિથી સંપન્ન હોય તે પણ એને ઈશ્વરનો આશીર્વાદ માનીને તેનાથી બીજાને મદદરૂપ થવા તૈયાર રહે તથા તેનો સ્વાર્થી અને અન્યાયી હેતુઓને માટે દુરુપયોગ ના કરે. એવા રીતે માનવની પાસે જે કાંઈ છે તે અને સમસ્ત જીવન ઇશ્વરનું છે, ઇશ્વરની પ્રસાદીરૂપ છે, એમ સમજીને તેની મારફત પોતાની સુખકારીની સાથે બીજાની સુખાકારી સાધવાના નમ્ર પ્રયાસ તે કરતો રહે, એ વૈદિક ઋષિઓનો સંદેશ છે.

સૌ કોઇ જો એ સંદેશને જીવનમાં સાકાર કરે, અથવા તો સાકાર કરવાની કોશિશ કરે, તો સંસારનું સ્વરૂપ કેટલું બધું સરસ બની જાય તેની કલ્પના કરી શકો છો? તો આ સૃષ્ટિની સૂરત જ બદલાઈ જાય. જગત જીવવા જેવું થઇ રહે. એમાંથી સંકુચિતતા, કટુતા, અસહકાર અને એકલપેટાવૃત્તિનો કાયમને માટે અંત આવે. ઘર્ષણ તથા શોષણ શમી જાય. અન્યાય અને અનર્થનું અવસાન થાય, તેમજ ભેદભાવ ને ભય પણ શાંત બની જાય. જીવનની પતિતપાવની પુણ્યમયી પુરુષાર્થગંગા પૃથ્વીને પોતાના પવિત્ર પ્રવાહથી પુલકિત, પ્રસન્ન ને પાવન કરતી, બધે વહેવા માંડે. સંપત્તિ, શીલ સત્તા ને સદ્બુદ્ધિનો સૌના શ્રેયમાટે વિનિયોગ થાય. સૌ સેવાભાવથી સંપન્ન બને. અને સંસારમાં સ્વર્ગને સાકાર કરવાનું સંતજનોનું સ્વપ્ન સિદ્ધ થાય. ત્યાગની ભાવનાને જીવનમાં મૂર્ત કરવાનો મંત્ર નાનો છે, પરંતુ એનો આત્મા મોટો છે, ને મોટી ક્રાંતિ કરનારો છે. જે દેશની પ્રજા એ મંત્રને જીવનમાં જીવવા માંડે છે તે દેશની પ્રજાપર

ઇશ્વરના આશીર્વાદ ઉતરે છે. તે સુખી, શક્તિશાળી ને સમૃદ્ધ થાય છે. તે પ્રજાની ગરીબી, દીનતા, નિરક્ષરતા અને અસહાયતા ધીમે ધીમે દૂર થવા માંડે છે, ને શાંતિ ને સમૃદ્ધિના એ સંસારમાં શ્વાસ લે છે જે સંસારમાં દ્વેષને બદલે પ્રેમ છે, ભયને બદલે ભાવના છે, તિરસ્કારને બદલે સહાનુભૂતિ છે : જ્યાં વહેંચીને ખાવાની ભાવના છે, એકમેકને મદદરૂપ થવાની તત્પરતા કે કામના છે, અને એકમેકના સુખમાં સુખી ને દુઃખમાં દુઃખી રહેવાની લાગણી છે. એ સંસારમાં વસુધા કુટુંબજેવી પ્રિય થઈ પડે છે, ને સૌનું સુખ ને સૌની ઉન્નતિ જીવનનું ધ્યેય બને છે.

ત્યાગીને ભોગવવાની એ ભાવનાને જ્યાં છીએ ત્યાં રહીને જીવનમાં મૂર્ત કરીએ તો જીવનમાં અવનવો આનંદ આવે, જીવન રસમય ને રહસ્યમય બને, ને શરીરધારણ સફળ થાય. જે દેશની પ્રજા પાસે આવો આદર્શ અને અમુલખ મંત્ર છે, સદુપદેશનો આવો સુંદર સંસ્કારવારસો છે, તે દેશની પ્રજા સદાયે સુરક્ષિત છે. તેણે કોઇનાથી ડરવાની જરૂર નથી. તેને ગરીબી, કંગાલિયત કે દુર્દશા લાંબો વખત ના ટકી શકે. તેણે બીજા કોઇયે દેશ, વાદ કે સંપ્રદાયપાસેથી સુખી જીવનના રહસ્ય મંત્રો શીખવાની, અથવા તો પ્રેરણા માટે બીજે કયાંય પણ જોવા કે તાકવાની જરૂર નથી. પોતાના મંગલનો માર્ગ તેની પોતાની પાસે જ છે. ફક્ત તે માર્ગની તેને વિસ્મૃતિ થઈ છે. અથવા સ્મૃતિ છે તોપણ એ માર્ગે પ્રયાણ કરવામાં એની અશક્તિ છે. એ અશક્તિને લીધે જ એ દુઃખી છે, હતાશ છે, ને ભેદભાવથી યુક્ત છે. એના પ્રાણનું પરિત્રાણ એના પોતાના વિના બીજું કોઈયે નહિ કરી શકે. પોતાના ઉચ્ચ સાંસ્કૃતિક સંદેશને સમજીને એના અનુષ્ઠાનમાં એ લાગી જાય એટલું જ બાકી છે. એના વિકાસની એજ ખૂટતી કડી છે.

યોગેશ્વરજી.



# ભગવાનને જોયા છે?

ફાધર વાલેસ

તમે ભગવાનને જોયા છે?

દિલની સાચી અધિરાઇથી એ યુવાને પ્રશ્ન પૂછયો હતો. ધર્મની તાલાવેલી હતી, ભકિતના સંસ્કારો હતા, અને એનો પોતાનો પ્રયત્ન હતો, શ્રદ્ધા હતી કે આમ સાધના કરતા રહીશું તો ભગવાન મળે. એટલે ખાતરી કરવા ને પ્રોત્સાહન મેળવવા એણે આતુરતાથી પૂછયું હતું : "તમે ભગવાનને જોયા છે?"

પ્રશ્ન સાચો હતો એટલે જવાબ પણ સાચો જ જોઇતો હતો. મનમાં મંથન ચાલ્યું. નરી આંખે તો એને જોયો નથી. માણસ જોવાય ને એનો અવાજ સંભળાય એ રીતે ભગવાનને જોયો સાંભળ્યો નથી. વળી પ્રશ્નનો ભાવાર્થ જુદો કરીને આંતરિક અનુભવની વાત કરીએ, 'દિવ્યચક્ષુ' શબ્દપ્રયોગનો ઉપયોગ કરીએ, અને હૃદયના એકાંતમાં ભગવાનને મળ્યાનો, અનુભવ્યાનો, જોયાનો દાવો કરીએ તો શું એમાં અભિમાન ને અવિવેક ને આત્મશ્લાઘાની ગંધ નહિ આવે? એટલે હા તો ન પડાય.

પણ ના પણ ન પડાય. ભગવાન મારા જીવનનું એક અંગ જ છે, સામે એ યુવાન બેઠો છે એના કરતાં વધારે વાસ્તવિક છે, એની સાથે કયારનો સંબંધ છે, વ્યવહાર છે, એના સંદેશા આવ્યા છે, આમંત્રણો આવ્યાં છે. એની પાસેથી ઠપકા મળ્યા છે ને શિક્ષા મળી છે, પ્રોત્સાહન મળ્યું છે ને અનુગ્રહ મળ્યો છે. ભક્તિની પળોમાં એનું સાન્નિધ્ય માણ્યું છે, ધ્યાનની ઘડીઓમાં રોમરોમમાં એની હૂંફ અનु-

ભવી છે. માનવીના સાથ કરતાં એનો સાથ સાચા માનવીના દર્શન કરતાં એનુ દર્શન પ્રત્યક્ષ. એના પ્રેમના સંદેશા મળ્યા છે, રંક હૃદયના ઉદ્ગારો એને પહોંચ્યાની પ્રતીતિ થઈ છે અને હૃદયના ઉંડાણથી દિવ્ય મસ્તીના આવેશમાં એની સાથે અદ્વૈત અનુભવ્યું છે. તો હવે એને નકારૂં ? એને ઓળખ્યો નથી એમ કહું ? એને કદી જોયો નથી એમ જણાવું ? તો નર્યું જૂઠાણું થાય, વિશ્વાસઘાત થાય, દ્રોહ થાય એટલે ના પણ ન પડાય.

ને તોય એના પ્રશ્નનો જવાબ આપવો હતો. સાચો જ આપવો હતો. એ પ્રશ્ન એ યુવાન માટે પ્રાણપ્રશ્ન હતો. મારા દિલને માટે પ્રાણપ્રશ્ન હતો. મારા દિલને માટે પણ પ્રાણપ્રશ્ન હતો એટલે સાચો જવાબ આપવો હતો. પણ ‘હા ના’ ના જડ વિકલ્પમાં એ આપી ન શકાયો એટલે જીવ મૂંઝાયો. મન તર્કનું દોહન કરવા બેઠું. ભગવાનની મદદ માગવા લાગ્યું. દિલમાં ચાલતા એ જોરદાર મંથનના પરિણામે છાતીમાં ભાર આવ્યો. આંખો ભીની થઈ અને એ આંસુઓની વચ્ચેથી આંખો લાચાર નજરે એ યુવાનની સામે જોઇ રહી.

ને એ યુવાનની આંખો પણ ધીરેથી નમી ગઇ. એ અંતર્મુખ બન્યો, ગંભીર બન્યો. એના પ્રશ્નનો જવાબ એને વગર બોલ્યે મળી ચૂકયો હતો.



# પતિતામાંથી પતિતપાવની બનેલી હરિદાસી

નારાયણ હ. જાની

શ્રી રામકૃષ્ણ પરમહંસના પ્રાદુર્ભાવ પહેલા બંગાળમાં નવદ્વીપમાં શ્રી ચૈતન્ય મહાપ્રભુ થયા. એમણે કૃષ્ણકીર્તનનો અદ્ભૂત મહિમા લોકોને સમજાવ્યો. કીર્તનભકિતની અનોખી લહર એમના યુગમાં સમગ્ર સમાજ ઉપર ફરી વળી. જાણે કે શ્રી ચતન્યદેવ એ કૃષ્ણકીર્તનભકિતનું સાકાર સ્વરૂપ જ ન હોય ! ખૂદ પ્રભુ પોતે જ પોતાની પ્રેમભકિતની લોકોને શિક્ષા ધરવા ન આવ્યા હોય !

શ્રી ચૈતન્ય મહાપ્રભુના સાથી સ્વામી નિત્યાનંદ—એવા જ કૃષ્ણપ્રેમી. ‘નિમાઇ ને નિતાઈ’ ના વહાલભર્યા નામે ભકતો આજેય એમને યાદ કરી એમના નામની અખંડ ધૂન બોલાવે છે. કૃષ્ણકીર્તનનો મહિમા એમણે ખૂબ વધાર્યો. લોકોને શુષ્ક વેદાંતને બદલે ભગવાન કૃષ્ણની લીલાઓનો દિવ્ય બોધ આપ્યો ને પ્રેમ લક્ષણા ભકિતનો મહિમા ગાયો.

શ્રી ચૈતન્યદેવના અનેક–ભકતો થયા. એ બધા ઉત્તમ કોટિના મુકત જીવો જ પૃથ્વી ઉપર તેઓશ્રીના યુગકાર્યમાં મદદરૂપ થવા જાણે કે ન આવ્યા હોય એમ લાગતું.

મહાત્મા હરિદાસ એવા જ એક અદ્ભૂત સંત. જન્મે મુસલમાન હોવા છતાં, કૃષ્ણપ્રેમની દિક્ષા સાથે જ જન્મેલા. શ્રી ચૈતન્યદેવના પરિચયમાં આવ્યા પછી સર્વસ્વનો ત્યાગ કરી તેઓ સતત ૧૮–૨૦ કલાક ભગવાન કૃષ્ણના જાપ કર્યા કરતા.

નવદ્વીપમાં તે વખતે મુસલમાની નવાબનું શાસન. એક જન્મે મુસલમાન આવી રીતે ખુલ્લેં ખુલ્લા કૃષ્ણકીર્તન કરે. તે એ વખતનો રૂઢિચૂસ્ત સમાજ શી રીતે ચલાવી લે! નવાબના મળતિયાઓએ પહેલાં તો મહાત્મા હરિદાસના કંઈક દોષો શોધવા પ્રયાસ કર્યો. પરંતુ એમનું જીવન તો ખુલ્લી કિતાબ જેવું હતું. પ્રભુના સતત કીર્તન ને નામજપ સિવાય એમની બીજી કોઈ પ્રવૃત્તિ ન હતી. વર્તમાન પરિસ્થિતિથી સાવ અલિપ્ત એવા એ પોતાની સાધનામાં એવા તો ડૂબેલા રહેતા કે એઓ કદી ભાગ્યે જ કોઇની સાથે વાત પણ કરતા.

આથી તેમના વિરોધીઓએ એમને એમના ચારિત્ર્યથી ભ્રષ્ટ કરવાનો ઉપાય વિચાર્યો. તેમાં નવાબની સહાય લીધી.

આખરે એક સ્વરૂપવાન નૌયૌવના ગણિકાને એમણે આ કાર્ય માટે પસંદ કરી. એને કહેવામાં આવ્યું કે કોઇપણ ભોગે એણે મહાત્મા હરિદાસને તેમની સાધનામાંથી ચલિત કરવાના છે. અને એની મોહપાશમાં ફસવવાના છે. જો એ કાર્યમાં સફળ થશે તો એને મોટી બક્ષીસ આપવામાં આવશે.

મહાત્મા હરિદાસની ઉમ્મર તે સમય નાની–યૌવનનો પ્રારંભ જ. એમાં એક સ્વરૂપવાન નૌ યૌવના, સર્વ શૃંગાર ને સાજ સજી એમની સમક્ષ આવીને ઊભી રહી. એણે સ્ત્રી ચરિત્રનાં અનેક પ્રલોભનાત્મક ચેન ચાળા દ્વારા પોતાનું કાર્ય કરવા માંડયું.

પ્રથમ તો ગણિકાને થયું કે મહાત્મા એના જપ પૂરા કરી નવરા પડે એટલે એમની સાથે પ્રેમાલાપ કરૂં. પરંતુ એની એ ધારણા ખોટી ઠરી. મહાત્મા તો વહેલી સવારે ઊઠી જપ કરવા બેસી જતા. તે એમના જપ છેક સાંજ સુધી સતત ચાલતા જ રહેતા.



'એને થયું, ચાલો રાતે તો નવરા પડશે ને? પણ એ ધારણાય ખોટી પડી. રાત્રે ખૂબ જ અલ્પ નિદ્રા લઈ એ નામ-જપ કરવા બેસી જતા.

આ જોઈને ગણિકાને નવાઇ લાગતી. આ કેવો માણસ! "હું આટ આટલા શૃંગાર સજી મારી જાતને એને સમર્પિત કરવા આવી છું, છતાં એ તો આંખ ઊંચી કરીને મારી સામે જોતોય નથી! એને હૃદય કે ભાવ જેવું કંઈ છે નહિ? કે પછી એ શું પાગલ છે? જેને બીજી કશી સૂઝ્જ નથી!" એ મનમાં આમ વિચારતી રહેતી.

જેણે પ્રભુનું નામસ્મરણ કદી કર્યું નથી, ને સાચા સંત મહાત્મા કે ઓલિયા કેવા હોય એની જેને કોઇ જાણ નથી, તેવી બિચારી ગણિકા મહાત્મા હરિદાસને શી રીતે સમજે! એનો સમગ્ર ઉછેર વિલાસ વૈભવમાં થયેલો. શરીરના શૃંગાર વડે લોકોના ચિત્તને ચંચળ કરી આકર્ષિત કરવાની જ એની પ્રવૃત્તિ. તેને પ્રભુના નામમાં લીન બની જનાર હરિદાસની પરખ શી રીતે થાય! છતાં એમ એ પરાજય સ્વીકારી લે એવી ન હતી.

એણે મન સાથે નક્કી કર્યું. હવે દિવસ રાતનો ઘણો સમય એની સામેજ બેસવું. ઉત્તમોત્તમ શૃંગાર સજીને, રોજ-રોજ એની પરીક્ષા કરવી. જોઉં છું કેટલા દિવસ મારા નયનોનાં કટાક્ષથી એ બચી જવા પામે છે?"

પરંતુ હરિદાસનું લક્ષ તો પોતાની સાધનામાં એવું તો ડૂબેલું હતું કે એને આ ગણિકા સામે જોવાનું કે એના શૃંગાર નિરખવાની ફુરસદજ કયાં હતી!

ગણિકા પણ વહેલી સવારથી શૃંગાર સજી હરિદાસના રહેઠાણ પાસે હાજર થઈ જતી. તે ગમે તેટલી વહેલી આવે પરંતુ મહાત્મા હરિદાસ નો "હરે કૃષ્ણ હરે કૃષ્ણ કૃષ્ણકૃષ્ણ

હરેહરે" નો જપધ્વનિ વાતાવરણની લહેરો ઉપર પ્રવાહિત થતો એના કાને અથડાતો. પછી તો તે સામે આવીને બેસતી. હરિદાસને જોયાજ કરતી. હરિદાસના પ્રભુના નામોચ્ચારના આંદોલનોનો પવિત્રસ્પર્શ એના અજ્ઞાત મન ઉપર પડતો રહેતો. પણ એને એની ક્યાં ખબર હતી ?

આમ એક નહિ, બે નહિ પણ દસ દસ દિવસ વીતી ગયા. ગણિકાને પણ હવે મહાત્મા હરિદાસ પાસે જવાનું અજ્ઞાત રીતે ગમતું. રોજ રોજ એને થતું " આજે તો મારા સૌંદર્યથી એને પરાજીત કર્યા વિના રહેવાનીજ નહીં."

પરંતુ આ ધારણા પૂરી ન થઈ, ઠગારી નીવડી. ઉલટું, એનું આંતરિક મન વિચારવા લાગ્યું કે એક માણસ જે ભગવાનનું નામ લે છે, તેને પાડવા હું કેવા ખરાબ મનોરથી સેવી રહી છું !

અને ધીરે ધીરે એ વિચાર મનમાં પ્રબળ બની ગયો. એટલે એને પોતાની જાત ઉપર તિરસ્કાર આવ્યો. પોતાના આવા કામ તરફ નફરત થઈ. એના અજ્ઞાત રીતે પવિત્ર થઇ ગયેલા મને—મહાત્મા હરિદાસના શરણે જવા નકી કર્યું.

અને પછી એણે જોતજોતામાં પોતાના બધા શૃંગાર ત્યજી દીધા. સાદાં પવિત્ર વસ્ત્રો ધારણ કરી, એ મહાત્મા હરિદાસના ચરણમાં આવી ઢળી પડી.

જેને જીતવા આવી હતી, એણે વગર બોલ્યે જીતી લીધી. પોતે પાડવા આવી હતી, પરંતુ પ્રભુ નામનો સ્પર્શ ઝીલી ઉદ્ધાર પામી ગઈ. એણે હરિદાસને ચરણે પોતાનું જીવન સમર્પિત કર્યું. એક પતિતા પતિતપાવની બની ગઈ! પશ્ચાતાપના ઝરણામાં સ્નાન કરી નિર્મળ બનેલું એનું મલિન મન એક સંતના સાન્નિધ્યમાં સાંપડતા શાંતિના સંસ્પર્શથી પામી, હરિભક્તિના રંગે રંગાઇ ગયું.



હરિદાસને પાડવા આવેલી એક ગણિકા–પતિતા-હરિદાસી બની ગઇ! કેવું અદ્‌ભૂત પરિવર્તન! ને પ્રભુના પ્રેમમાં એક મહાન સ્ત્રી ભક્ત બની ગઈ!

મહાત્મા હરિદાસ સાથે હરિદાસીનું નામ સદાને માટે જોડાઈ ગયું. હરિના દાસની એ દાસી બની અમરત્વ પામી ગઇ.

કહેવાય છે કે જગન્નાથપુરીમાં મહાત્મા હરિદાસની સમાધિ સામેજ એની પણ સમાધિ છે. જીવન દરમ્યાન તો ખરૂં પણ મૃત્યુ પછી પણ પોતાના ઉદ્ધારકનું સાન્નિધ્ય છોડવાનું શું એને નહિ ગમ્યું હોય ?

### અધ્યાત્મના આજીવન સભ્યોને પુસ્તકોની ભેટ

પરમ પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીની સૂચના પ્રમાણે અધ્યાત્મ માસિકના આજીવન સભ્યોને 'દ્યુતિ' અને શ્રી યોગેશ્વરજીની દિવ્ય અનુભૂતિઓનાં પુસ્તકો ભેટ આપવાનું ઠરાવ્યું છે. આ પુસ્તકો વડોદરાથી શ્રી જીતુભાઇ ગાંધી, ૫૫/૧ અરૂણોદય સોસાયટી, અલકાપુરી વડોદરા-૫, તરફથી મોકલવાની વ્યવસ્થા કરવામાં આવી છે, શકય હોય ત્યાં, વિવિધ ધ્યાનકેન્દ્રો મારફત આ પુસ્તકો પહોંચાડવાની કામગીરી હાથ ધરાઇ છે. જાન્યુ-૮૩ના અંત પહેલાં એ પુસ્તકો બધાંને મળી જશે. છતાં કોઈને ત્યાં સુધીમાં ન મળે તો તંત્રીને અથવા ઉપરના સરનામે લખી જણાવવું, જેથી યોગ્ય કરવામાં આવશે, ડીસે. ૮૨ સુધીમાં આજીવન સભ્ય થયેલાઓને આનો લાભ મળશે. જેની નોંધ લેવા વિનંતી.

# "જીવ અને ઇશ"

સંકલન : ઈશ્વરલાલ મ. શાહ

દરેક પિંડ(શરીર)માં અંતઃકરણ સહિત, દેહમાં વ્યાપ્ત સંસ્કારવાળા આનંદસ્વરૂપ ચેતનને જીવ કહે છે અને સંસ્કાર રહિત ચેતનને ચેતન, આત્મા, કૂટસ્થ, સાક્ષી કહે છે. આ સર્વવ્યાપી ચેતન એક હોવા છતાં અનેક દેહ હોવાથી અંતઃકરણયુક્ત જીવ અનેક દેખાય છે. (જેમ એક જ સર્વ વ્યાપી આકાશ અનેક ઘટોને લીધે અનેક ઘટાકાશ દેખાય છે.) આ સર્વસૃષ્ટિ વ્યાપ્ત બધા જીવોના સંસ્કારવાળા ચેતનો ચેતનોને ઈશ, ઈશ્વર, પરમેશ્વર, ભગવાન કહે છે અને સંસ્કાર સમુદાય ઉપાધિરહિત ચેતનને બ્રહ્મ, પરબ્રહ્મ, પરા વિભૂતિ એમ કહે છે.

એમ તો જીવ, આત્મા, ઈશ, બ્રહ્મ બધું એક જ સચ્ચિદાનંદ જ છે. પરંતુ સંસ્કારોને લીધે જીવનું અંતઃકરણ વિકૃત હોય છે. એટલે અજ્ઞાન, અવિદ્યાથી યુક્ત હોય છે. આ અવિદ્યાને લીધે જ તે સ્વયં આનંદઘન હોવા છતાં પોતાને દુઃખી માને છે. પૂર્ણ હોવા છતાં અપૂર્ણ માને છે. સંપૂર્ણ બ્રહ્માંડ આગળ એક દેહ એટલો અલ્પ છે કે નહિ જેવો જ. તેથી આ દેહના અભિમાની જીવનું જ્ઞાન પણ એટલું અલ્પ છે કે નહિ જેવું જ. જ્યારે ઈશ સર્વ બ્રહ્માંડમાં વ્યાપ્ત હોવાથી સર્વનો અભિમાની હોવાથી તે સર્વજ્ઞ હોય એ સ્વાભાવિક જ છે, તેથી તેમની વિદ્યા (જ્ઞાન) ઉપાધિ કહેવાય છે. એટલે તે સર્વશક્તિમાન, સત્ય સંકલ્પ, દયાસિંધુ વગેરે ગુણોથી વિભૂષિત છે. તેથી તે સગુણ બ્રહ્મ કહેવાય છે. અજ્ઞાની જીવ અપૂર્ણ, અસહાય અને દુઃખી હોવાથી તે સર્વશક્તિમાન, દયાસિંધુ એવા ઈશ્વરની કૃપા



સંપાદન કરવા ઇચ્છે એ તદ્દન સ્વાભાવિક છે. ભગવાન સિવાય બીજો કોઇ સહાયતા કરનાર ન હોવાથી ભગવાનની શરણાગતિ તેને ઇષ્ટ છે. પોતાનો પોતા પર જ પ્રેમ બધા કરતાં મોટો હોય છે. તેમ ભગવાન પર જીવનો પરમ ને નિરંતર પ્રેમ સ્વાભાવિક છે કેમ કે તે તત્ત્વથી એક જ છે. તેજ પ્રમાણે ભગવાનનો જીવ પર પ્રેમ પણ સ્વાભાવિક જ છે. પરંતુ જીવ વિષયોમાં એટલો બધો લિપ્ત છે કે ઇશ્વર તરફ જવાની ફુરસદ જ નથી મળતી. પરંતુ જો એ વિષયથી મોઢું ફેરવી ઈશ્વર તરફ ફરે તો તે એના અંતઃકરણમાં જ છે. પ્રેમ પ્રગટ થાય અને અનુપમ સુખ મળે.

ઈશ્વર સર્વજ્ઞ છે. જીવ પોતાનો છે એ તે જાણે છે, ને જીવને કદી ભૂલતા નથી. તેને સહાયતા કરવા, તેનો યોગક્ષેમ ચલાવવા તૈયાર જ છે. તે માટે ભગવાન જીવના તરફ મોઢું કરી ઊભા છે પરંતુ જીવે ભગવાન તરફ પીઠ ફેરવી વિષયો તરફ મોઢું રાખ્યું છે. તેથી જ્યારે ભગવાન જુએ છે કે બાળક જીવ વિષયોરૂપી રમતમાં રમી રહ્યો છે એટલે એને છેડતા નથી અને જાણે છે કે એ કદી ને કદી થાકશે ત્યારે મારા તરફ ખેંચી લઇશ. વચ્ચે વચ્ચે સંસારરૂપી રમતમાં દુઃખી થાય છે ત્યારે મદદ કરે છે.

ઉપર પ્રમાણે જો જીવને ઈશ સાથેના પોતાના સંબંધનું જ્ઞાન થાય તો ઈશ તરફ પ્રેમ પ્રગટે. તે પ્રેમ સ્વાભાવિક હોવાથી શુદ્ધ, ફળની ઇચ્છા વગરનો અહૈતુકી છે. તેથી તે પરમ પ્રેમ હોય છે બીજા પર પ્રેમ એટલો ન હોઇ શકે, જેટલો પોતા પર હોય છે. ઈશ પર પ્રેમ થાય એટલે વૃત્તિ એમનામાં ચોંટે. કેમકે ત્યાં પરમ સુખનો અનુભવ હોય છે. પછી વૃત્તિ વિષય તરફ જશે જ નહિ. અર્થાત્ આસક્તિનો પ્રશ્ન જ ન હોય તો પછી બંધન ક્યાંથી અને દુઃખ પણ ક્યાંથી?

[સ્વામી નંદકિશોરજીના 'આનંદમય જીવન રહસ્ય'ના આધારે]

# ૧૭૧ ઉપવાસ પછીનો મહાત્માજીનો પારણાં–દિન

ભાઈલાલભાઇ છાટબાર

## ઇશ્વરપ્રણિધાન

તા. ૫–૧-૫૫ ની સવારે નવ વાગ્યે હું ઉતારા ઉપર જઇને પ્રણામ કરીને બેઠો. મહાત્માજી હિંડોળા ઉપર બેઠા છે. ભાઈ ગોરધનભાઈએ શુભ સમાચાર આપ્યા કે આજે મહાત્માજી પારણું કરનાર છે. મા ભગવતીએ ગઈ રાત દરમિયાન ઉપવાસવ્રત પૂરું કરવાની આજ્ઞા આપી દીધી હતી.

આ અતિ કઠોર વ્રત પૂરું થતું હતું પરંતુ મહાત્માજી તદ્દન તટસ્થ હતા. હંમેશની માફક જ પ્રસન્નચિત્ત અને ઉલ્લસિત હતા આજના દિવસનું અમારે મન ઘણું મહત્ત્વ હતું. તેઓશ્રીના જીવનની સૌથી લાંબા સમયની અને કઠોર-માં કઠોર તપશ્ચર્યાનો પૂર્ણાહુતિ–પ્રસંગ અમારા સૌના પુણ્યો-દયના કારણે, નિયતિએ અમને ફાળવ્યો હતો, તે કોઇ નાના-સુના સદ્ભાગ્યની વાત નહોતી.

મહાત્માજીના નિત્યક્રમમાં કોઇ ફેરફાર નહોતો. પારણાં-નો દિવસ એટલે અમારા સૌનાં હૃદય આનંદવિભોર હતાં. પરંતુ મહાત્માજી તો સ્થિતપ્રજ્ઞ ભાવે આજના દિવસને નિહાળી રહ્યા હતા. સવારે મુ. નરોત્તમભાઈ આવી પહોંચ્યા. તેઓ પણ આ ખબર જાણી રાજી થયા.

હવેના દિવસો અમારે ખાસ જાળવી લેવાના હતા. એકાદ મહિના સુધી નાળિયેરનું પાણી ફળોના રસ અને પ્રમાણમાં વધારે દૂધ ઉપર હજી દિવસો ખેંચવાના હતા આ બધું ક્રમે ક્રમે થોડું થોડું વધારતા જવાનું હતું. ખોરાક ઉપર



ચઢતાં સમય લાગે તે સહજ હતું.

કોઇપણ પ્રકારનું મહત્ત્વ આપ્યા સિવાય મહાત્માજીએ માત્ર માતાજી અને ગોરધનભાઇની હાજરીમાં ફળનો રસ લઈ પારણું કર્યું. રોજના દસ તોલા દૂધને બદલે હવે ફળ-નો અને થોડું વધારે દૂધ લેવાનું હતું એટલું જ. ફળના રસ અને દૂધ ઉપર રહેવાના દિવસોને ગણીએ તો ઉપવાસો-ની સંખ્યામાં હજી સારો એવો વધારો થવાનો હતો.

એક અન્ય ભાઇ આવ્યા અને પ્રણામ કરીને બેઠા. વિવેક-પૂર્વક રજા લઇ પ્રશ્ન કર્યો.

પ્રશ્ન : પાતંજલ યોગદર્શનમાં ‘ **ઇશ્વરપ્રણિધાન** ’ શબ્દ આવે છે તેનો કેવો અર્થ કરવો ?

મહાત્માજી : તમે કહો છો તે શબ્દ ‘ સમાધિપાદ ’માં એકવાર અને ‘ સાધનપાદ ’માં ત્રણ વાર આવે છે. ‘સાધન-પાદ ’ નાં બે સુત્ર આ પ્રમાણે છે : ( ૧ ) शौच संतोष तपः स्वाध्वायेश्वरप्रणिधानानि नियमाः । અને ( २ ) समाधि-सिद्धिरीश्वरप्रणिधानात् ।

યોગમાર્ગના સાધકે યમનિયમનું પાલન કરવાનું હોય છે, તેમાં ‘ ઈશ્વર પ્રણિધાન ’—એ પાંચ નિયમ પૈકીનો એક નિયમ છે.

‘ **ઇશ્વરપ્રણિધાન** ’નું અંતિમ ફળ સમાધિ અવસ્થા છે. તેથી ઈશ્વરની ઇચ્છાને અનુકૂળ બની જઈ તેનો સ્વીકાર કરી લેવો એવો સાધકનો માનસિક પ્રયત્ન માત્ર ‘ઇશ્વર-પ્રણિધાન’ નથી. તે શબ્દ તેનાથી કંઇક વિશેષ ઊંડો અર્થ સૂચવે છે. સમગ્રનું ઇશ્વર સમર્પણ તેમાં રહેલું છે.

જીવનમાં આવતાં સંકટો અને ઉપાધિઓ પ્રત્યે—અણ-ગમાનો સહજ ભાવને કે વલણ ધરાવતા સામાન્ય માણસ કરતાં–સાધકનું ‘ સ્વીકારનું વલણ ’ અલબત્ત ચઢિયાતું છે.

અને મનની શાન્તિ લઇ આવનારું છે; પરંતુ તે વલણ આધ્યાત્મિક શિખર સર કરી, સમાધિસિદ્ધિ સુધી પહોંચવામાં સહાયભૂત થતું નથી. સમાધિની સિદ્ધિ સુધી પહોંચાડનારા 'ઇશ્વરપ્રણિધાન'માં પ્રકૃતિના રૂપાંતરની કંઇક વિશેષ ક્રિયા રહેલી છે. આ ઉપરાંત આત્મતત્ત્વ અને પરમાત્મ તત્ત્વનું ઐકય પ્રસ્થાપિત કરે છે.

માનવમર્યાદાઓ અને દુઃખો પાછળ રહેલ અજ્ઞાનની ભ્રામક 'માયાજાળ' અને તે બધાંથી મુક્ત અંદર રહેલ 'આત્મતત્વ'—આ બંનેના ભેદના સત્યદર્શન ઉપર યોગશાસ્ત્રનો ભાર છે.

'સ્વ-સ્વરૂપ'ના બોધના માર્ગમાં અહંતા આડે આવે છે ત્યાંસુધી અજ્ઞાનનો પડદો હટતો નથી અને આત્મબોધ થતો નથી. 'ઈશ્વરપ્રણિધાન' એ અહંતાનો નાશ કરવાનું એક સાધન છે.

'ઇશ્વરની ઇચ્છા એ જ મારી ઇચ્છા અહીંથી 'ઈશ્વરપ્રણિધાન'નો આરંભ થાય છે. પરન્તુ આત્મચેતનાનું વિશ્વચેતના સાથેનું ઐક્ય એ તેનું ગન્તવ્યસ્થાન છે. અહંતાનો નાશ કરવાનું એક સાધન છે.

સાધક નિષ્કામ ભાવે કર્મ કર્યે જાય અને ઇશ્વરની ઇચ્છાને પારખવાનું તેને જ્ઞાન પેદા થાય તે પહેલાં તેને પોતાને-પોતાની સમજ અનુસાર '**સત્ય**'ને પારખી પારખીને ચોકસાઈપૂર્વક ચાલવું પડે છે.

ધીરજ, ખંત, સાતત્યથી સાધક નિયમિતપણે આગળ વધે તો તે ઈશ્વરનું વાહન બની જાય છે. અને કોઇક મંગળ ઘડીયે ઈશ્વરની ઇચ્છા તેની દ્વારા કામ કરતી થઇ જાય છે. અને પોતે પરમચેતનાનું આંશિક સ્વરૂપ છે, તે અનુભૂતિ થતાં વ્યકિતગત ચેતનાનું વિસ્તરણ તેને સમાધિ તરફ આગળ



લઈ જાય છે.. ......

સાધક અતિ ભાવુક હૃદયનો હોય અને તે **ભક્તિ-માર્ગે** ઉપાસના કરી રહ્યો હોય તો 'ઇશ્વરપ્રણિધાન' જુદું સ્વરૂપ પકડે છે. ભકત પ્રેમ-માર્ગે ઈશ્વર સાથે એકાકારપણું સાધે છે.

ઇષ્ટના પ્રેમના કારણે સાધક-ભકત સર્વસમર્પણ કરતો હોય છે અને આ પ્રેમ તેની અહંતાને છોડાવે છે અને ભકત ઈશ્વરપ્રેમમાં ડૂબી જાય છે. ભકતની આવી સમાધિને **ભાવ-સમાધિ** કહે છે.

'ઇશ્વરપ્રણિધાન' એ ભકિતનું સારતત્ત્વ છે. પછી નવધાભકિતમાં કહેવાયેલી બધી બાહ્ય પૂજાસામગ્રી છૂટી જાય છે અને શરણાગતિના કારણે માત્ર ઇષ્ટ તેનો આધાર બની રહે છે.

ભાવસમાધિમાં ડૂબી જઈ ઇષ્ટ સાથે તદ્દાકાર થઈ જવાની અંતિમ ભૂમિકાએ ભક્ત પહોંચી જાય ત્યારે 'ઈશ્વરપ્રણિધાન' ચરિતાર્થ થયું ગણાય.

આમ 'ઈશ્વરપ્રણિધાન' ની પ્રક્રિયા યોગમાર્ગના સાધકને તથા ભકિતમાર્ગના સાધકને એમ બંનેને સાધનામાં સહાયભૂત થાય છે.........

અમે સૌએ પ્રણામ કરીને રજા લીધી.

સાંજે ૫-૧૫ વાગે ઉતારા ઉપર પહોંચીને પ્રણામ કરીને બેઠો. બહેનોનો સત્સંગ પૂરો થતાં તે સૌએ રજા લીધી એટલે અમે નદીકિનારા તરફ ફરવા જવા માટે ઊપડ્યા.

નદીના પટમાં બેઠા પછી મહાત્માએ જણાવ્યું કે ઉતારાની આ જગ્યા ઘણી સારી છે અને પહેલા રાતવાસાથી આજ સુધી મને સારા અનુભવ થયા છે.

ઉતારે પાછા ફરી મેં પ્રણામ કરીને રજા લીધી અને

રાતના પ્રવચનમ સમયસર હાજર થઈ ગયો.

પ્રવચન અને ધૂન બાદ સૌએ પ્રણામ કરીને રજા લીધી. આજથી રાતની સત્સંગ બેઠક શરૂ થઇ. આ સત્સંગબેઠકમાં ગોરધનભાઇ, મુ. નરોત્તમભાઇ, મહાશંકરભાઈ, રસિકભાઈ, ભગવાનભાઈ, મોહનભાઈ, પ્રદ્યુમનભાઇ–અમે સૌ હતા. ઉપરાંત સાત–આઠ અન્ય ભાઈઓ હતા.

ઘડિયાળના કાંટો દસ ઉપર ચાલતો હતો મેં કહ્યું : આપ હવે આરામ કરો. આપને બહુ પરિશ્રમ પડશે. અમે હવે જઇએ.

મહાત્માજીએ કહ્યું : નિદ્રા અમારે માટે નથી. રાતે ધ્યાનમાં બેસવાનું થાય છે. અને ધ્યાનમાં ડૂબી જતાં સવારના પાંચ થઇ જાય છે. સમાધિ અવસ્થામાં જ નિદ્રાનો આરામ મળી જતો હોય છે. પછી પંદર–વીશ મિનિટ પથારીમાં લંબાવીએ જેથી હાથ પગ શરીરને જોઇતો આરામ મળી જાય. લાંબા સમયથી આ ક્રમ ચાલે છે...મહાત્માજીની સાધનાના એક નવા પાસાંની જાણ થઇ.........અમે પ્રણામ કરીને રજા લીધી.

મહાત્માજીએ કોઈ ગુરુ પાસેથી પદ્ધતિસરની દીક્ષા નથી લીધી કે કોઈ પાસેથી સંન્યાસીપદ નથી ગ્રહણ કર્યું. પોતે સ્વ–દીક્ષિત અને સ્વયં ત્યાગી સંતપુરુષ છે. તેઓશ્રીની તત્ત્વદૃષ્ટિનો મૂળ આધાર સાધના–રાજ્યના દુર્લભ અનુભવો છે.

મહાત્માજી રાગ–વિરાગથી પર વીતરાગી છે. સમસ્ત બાહ્ય અને આભ્યંતરિત દ્વૈત નષ્ટ પામેલું દેખાય છે. અદ્વૈતની સમરસતા અને ભૂમાનું વિરાટ સત્ય તેઓશ્રીની પ્રજ્ઞાપૂર્ણ વાણીમાં અને સરળ સહજતામાં પળે પળે પ્રતિબિમ્બિત થતાં જોવા મળે છે. તેઓશ્રીના જીવનના પ્રત્યેક પાસામાં સ્વરૂપવિશ્રાન્તિમૂલક નિજાનંદની અભિવ્યકિત પ્રત્યક્ષ થાય છે.

(અનુસંધાન પાનાં ૪૧ ઉપર)



# પ્રકાશના પંથે

( આત્મકથા )

યોગેશ્વરજી
સંક્ષેપ : દીપક પ્ર. મહેતા

## દહેરાદુન અને ઉત્તરકાશી

દેહરાદુનમાં અમે શ્રી જોષીજીને ત્યાં ઉતારો કર્યો. તેઓ એક સારા સંતપુરૂષ અને યોગી હતા. સારા સાધક હતા. વ્યવહારમાં રહીને સાધના કરવાવાળા સાધકો માટે તેમનું જીવન પદાર્થપાઠરૂપ હતું. તેમની આર્થિક સ્થિતિ નબળી હોવા છતાં તેમનું દિલ નબળું ન હતું. તેથી અતિથિ અને પ્રેમી જનોનો સત્કાર કરવામાં પાછા ન પડતા.

ચંપકભાઇ મારાથી દેવપ્રયાગથી છૂટા પડ્યા તે પછી જોષીજીને ત્યાં જ રહેલા જોષીજીને ત્યાં જવામાં મારો ઉદ્દેશ તેમને મળવાનો હતો.

આજ સુધીમાં મને એવા ત્રણ પુરૂષો મળ્યા છે જેમને તેમના પૂર્વ જન્મનું જ્ઞાન થયું હોય. અથવા વધુ સારા શબ્દોમાં કહીએ તો આજ સુધીમાં ત્રણ સંતપુરૂષોએ તેમના પૂર્વજન્મના જ્ઞાનની માહિતી મને આપી છે. તેમાંના એક સંત વેદબંધુની માહિતી હું આગળ આપી ગયો છું. આજે અવસર આવ્યો છે ત્યારે કહેવું જોઇએ કે બીજા સંતપુરૂષ શ્રી જોષીજી છે. તેમના પૂર્વજન્મની ઝીણી વિગતોમાં ઉતરવું ઠીક નહીં ગણાય. પણ તેના સંબંધમાં એટલું કહી શકીશ કે તેમના કહ્યા પ્રમાણે તેમનો પૂર્વજન્મ એક સ્ત્રીનો હતો. અને તેની પહેલાંના જન્મમાં તે એક ફકીર હતા. આ વાતનો ઉલ્લેખ હું એટલા માટે કરી રહ્યો છું કે ભારતના વર્તમાનકાળના સાધકોમાંથી પણ કેટલાક પોતાના જન્માંતરનું

અનુભવસિદ્ધ જ્ઞાન ધરાવે છે તેનો ખ્યાલ આવે

ચંપકભાઇને લોકસેવા પર ખાસ પ્રેમ હતો. ભવિષ્યમાં હું કોઇ પ્રકારની સેવા કે બાહ્ય પ્રવૃત્તિ કરવા કે કેમ તે વિશે તે મને વારંવાર પૂછ્યા કરતા. હું કહેતો કે મારું બધું ધ્યાન અત્યારે તો આત્મિક વિકાસની સાધનામાં જ લાગેલું છે. એમનો સિદ્ધાંત મને ગમે છે પણ હાલ તો મારી પોતાની જાતનું ઘડતર કરવાની જરૂર છે. તે પછી ભવિષ્યમાં કોઇ સક્રિય સેવાની તક ઇશ્વર જો મને આપશે તો તેથી મને ખેદ નહીં થાય. કયે વખતે કયાં ને કેવું કાર્ય કરવાનું તે ઇશ્વરના હાથની વાત છે. સંસારમાં કોઇ મહત્વનું કામ મારા દ્વારા જરૂર થવાનું છે ને તે માટે જ મારો જન્મ છે એવું મને વરસોથી લાગતું. પણ કોઇ નાના સેવા કાર્યમાં મને રસ ન હતો. મારી ભાવના ને કલ્પના અત્યંત વિશાળ હતાં. બુદ્ધ, ઇશુ ને શંકરની જેમ સમસ્ત માનવજાતિની આધ્યાત્મિક સેવા કરવાની મારી મહેચ્છા હતી.

દેવપ્રયાગમાં મેં કૃષ્ણ ભગવાનની કૃપા માટે ઉપવાસ કરેલા, તે વિશે ચંપકભાઇએ મને કહ્યું, ' હું પણ એમ ઉપવાસ કરું તો ? '

મેં કહ્યું, ' તો શું ? એમ કાંઇ દર્શન થોડું જ થઇ જાય છે ? એવા ઉપવાસ ઉત્તમકોટિના ત્યારે જ કહેવાય કે જયારે તે સહજ રીતે થાય. સારો રસ્તો જપ, ધ્યાન ને પ્રાર્થના દ્વારા ધીરે ધીરે ઇશ્વર માટેના પ્રેમને પ્રબલ કરવાનો છે. ''

તે સમજી ગયા.

એ પછી એક દિવસ સાંજે સનાતનધર્મશાળાના બે સન્યાસીભાઇઓ ને અમે ઉત્તરકાશી જવા નીકળી પડયા. ખભે થેલો ને કામળો તથા કમંડલ લઈ મેં ચાલવા માંડયું. કુદરતી સૌંદર્યનું દર્શન કરતાં, વિવિધ વાર્તાલાપ કરતાં, રસ્તામાં મન માને ત્યાં મુકામ કરતાં, મસુરીથી ઉત્તરકાશીનું અંતર અમે ત્રણેક દિવસમાં કાપી નાખ્યું. ઉત્તરકાશીમાં પ્રવેશ કર્યો ત્યારે સાંજ પડી ગઈ. ત્યાંના પ્રસિદ્ધ વિશ્વનાથના મંદિરમાં દર્શન કરીને અમે બિરલા ધર્મશાળામાં પહોંચ્યા ત્યારે રાત્રિ અમારા સ્વાગત માટે જાણે કે ઉતાવળી થયેલી.



( ૨ )

ઉત્તરકાશીનું સ્થળ કેવું છે ? ટૂંકામાં કહીએ તો સુંદર શાંત ને સાધના માટે અનુકૂળ. ઋષિકેશ ને ઉત્તરકાશી જેવાં સુંદર ને સાધના માટે અનુકૂળ સ્થળો ઉત્તરાખંડમાં બહુ ઓછાં છે. અહીં મેદાન અને પર્વત બન્નેનો આનંદ છે. ગામમાં ગૃહસ્થી ને ત્યાગી બન્નેની વસ્તી છે. બંનેને માટે રહેવાના વિભાગો અલગ અલગ છે તે સારું છે. અમે ઉત્તરકાશી પહોંચ્યા ત્યારે ઉનાળો ચાલતો હતો, છતાં ઠંડી એવી જ પ્રખર હતી કે કામળા ઓઢવા પડતા.

ઉત્તરકાશીમાં કોટેશ્વર નામે સ્થળ હતું. તેના મહંત ગુજરાતી હતા. તેમના તાબામાં એક બીજું સ્થાન ઉજેલી નામના વિભાગમાં હતું. તે સ્થાનમાં મને એક સુંદર ઓરડી મળી ગઈ. એટલે ચારપાંચ દિવસ બાદ મેં ત્યાં રહેવાનું શરૂ કર્યું. સ્થાન એકાંત ને રમણીય હતું. બાજુમાં કૈલાસ આશ્રમ હતો. તે આશ્રમ દશનામી સંપ્રદાયનો હતો.

ભોજનની સમસ્યાનો ઉકેલ કેવી રીતે કરવો તે પ્રશ્ન ખાસ મારે વિચારવા જેવો હતો. પરંતુ તેનો ઉકેલ તુર્ત જ થઇ ગયો. ઉત્તરકાશીમાં કાલીકમલીવાલાનું ક્ષેત્ર ચાલતું. ઉપરાંત પંજાબી ક્ષેત્ર પણ ચાલતું. સ્વચ્છતાની દૃષ્ટિએ પણ હરકત ન હતી. બંને ક્ષેત્રમાંથી મળીને આઠ રોટલી, ભાત, દાળને શાક મળતાં. ઉજેલીથી ક્ષેત્ર સુધીનું અંતર લગભગ

એક માઈલનું હતું. એટલે એક પ્રકારની ચાલવાની કસરત પણ થઈ જતી. ભીક્ષામાંથી રોજ ચારેક રોટલી અલગ કાઢી રાખવાનો મેં નિયમ કર્યો હતો. સાંજના બીજી વ્યવસ્થા ન હતી. એટલે સાંજે તે રોટલી ખાઈને હું પાણી પી લેતો. કોઈ વાર બહુ ઇચ્છા થાય તો ગામમાં જઈને બપોરે દૂધ પણ પી લેતો. એ રીતે ભોજનનો પ્રશ્ન સારી પેઠે પતી ગયો.

ઉત્તર કાશીમાં પંજાબી ક્ષેત્રની બાજુમાં માતા આનંદમયીનો પણ એક નાનો આશ્રમ હતો ત્યાં એક યુવાન સાધક રહેતા. મારા સાંભળવામાં આવ્યું કે ભારતના પ્રાચીન જ્ઞાની શિરોમણિ જડભરતની એ આશ્રમની બાજુમાં જ સમાધિ છે. જડભરતને કોણ નથી જાણતું? શ્રીમદ્ ભાગવતમાં તેમના જીવનનો ઉલ્લેખ વિસ્તારથી કરેલો છે. એમણે જીવનની અંતિમ અવસ્થામાં હિમાલયની યાત્રા કરી હોય ને ઉત્તર કાશીમાં શરીર છોડયું હોય તેમાં કોઇ આશ્ચર્ય નથી. એ મહાપુરૂષની સ્મૃતિથી મને આનંદ થયો. મને એક વાર ફરી સમજાયું કે સંસારની કોઈ યે વ્યક્તિ કે વસ્તુમાં માણસે મમતા ને આસકિત કરવાની જરૂર નથી. આસકિત એક ઈશ્વરમાં જ કરવાની છે.

ઉત્તર કાશીના એ દિવસો અસીમ શાંતિ અને આનંદ પૂર્વક પસાર થઇ રહ્યા. મારામાં જ્ઞાન, યોગ ને ભકિત ત્રણેના પ્રવાહો પહેલેથી જ એક સાથે પરસ્પર પૂરક બનીને વહ્યા કરતા. ઉત્તર કાશીમાં જ્ઞાન ને ધ્યાનના પ્રવાહો વધારે પ્રબળ હતા. (ક્રમશઃ)



# મનુષ્ય શરીર પ્રભુને પામવા માટે છે

મણિભાઈ ર. દવે

[નવેમ્બર ૮૨ ના અંકના પાના નં. ૪૯ પરના લેખના અનુસંધાનમાં આ લેખ વાંચો]

શાસ્ત્રોમાં તો રાજમાર્ગોનું વર્ણન કર્યું છે–તમે જો ચંચળ સ્વભાવના હોવ અને એક સ્થળે બેસવું પણ તમારે માટે મુશ્કેલ લાગતું હોય, તો તમને કર્મ સોંપ્યા વિના છૂટકો જ નથી. હાલ સુધી તમે કર્મ તો કરતા આવ્યા છો પરંતુ તમારા અંગત સ્વાર્થ અગર હેતુ માટે. એટલે તમારા મનની ચંચળતા વધતી ગઈ છે. હવે તમારાથી કર્મ છૂટે કયારે કે જયારે તમે સ્વાર્થ વિના કર્મ કરતા થાઓ ત્યારે. સ્વાર્થ વિનાનાં કર્મો, મનની ચંચળતા ઓછી કરશે; અને પછી કર્મો પણ આપોઆપ ઓછાં થતાં જશે.

તમે ભાવપ્રધાન હૃદયવાળા હોવ તો ભક્તિ એ તમારો રાજમાર્ગ ગણાય; અને દરેક બાબતમાં તમે વિવેકથી સમજવાની શક્તિવાળા હોવ તો વિચારનો એટલે જ્ઞાનનો માર્ગ તમને અનુકૂળ પડે. શાસ્ત્રો તો તમને સામાન્ય સૂચનારૂપે આ માર્ગોનું વર્ણન કરે છે. જો તમે તેની પદ્ધતિ બનાવી સત્ય પામવાની કોશીશ કરશો તો તમારૂં જીવન તેમાં સહકાર નહીં આપે. તમારે તમારા જીવનને માર્ગદર્શક બનવા દેવાનું છે. જીવન બધું સ્વીકારે છે. "કર્મ, ભક્તિ અને જ્ઞાન" તમારે પણ તમારા મનનું બંધારણ જોઇ, સાધના સ્વીકારવાની છે. પરંતુ દરેક પરિસ્થિતિ અને ભાવ માટે ખુલ્લા રહેવાની જરૂર છે. તમે અનંતની યાત્રાએ નીકળ્યા

છો એટલે કોઇ પણ અંતવાળી પદ્ધતિ તમને ન ખપે તેવો ટેક રાખજો.

મનનો સંસાર જેમ બહારનો છે, તેમ ધર્મમાં પણ જે આચાર છે તે બાહ્યાચરણ છે. ઘણા ધર્મો આચાર પ્રધાન જોવામાં આવે છે. એટલે જ તેમાં જુદી જુદી પદ્ધતિઓ જોવામાં આવે છે. ધર્મમાં નીતિનું સ્થાન પણ મને ઉભી કરેલી એક પ્રક્રિયાથી વિશેષ કાંઇ નથી. તેથી મન સંતોષ અનુભવે છે. દુર્ગુણોને દબાવવા સદ્‌ગુણો ધારણ કરવાની મન સલાહ આપતું હોય છે. પરંતુ મનથી ધારણ કરેલા ગુણો અવગુણોનો નાશ કરી શકતા નથી. મન આવા દ્વંદ્વ ઊભા કરી મનુષ્યને નીતિમાં પણ રખડાવ્યા કરે છે. મન એકમાર્ગી રસ્તા જેવું છે. તેનું મુખ બહારની બાજુ. ત્યાં બધી પદ્ધતિઓ અને રીતોથી તે અનુકરણ કરી સમજવાનો પ્રયત્ન કરે છે. આત્માનો ધર્મ તો બધે એક જ હોઈ શકે. પરંતુ મનના ધર્મો અનેક છે, અને તેમની જુદી જુદી પદ્ધતિઓ પણ છે. અધ્યાત્મિકતા એક છે પરંતુ ધર્મો અને સંપ્રદાયો અનેક છે. તેનું કારણ તે મનના સર્જેલા છે. મનમાં અંતર્મુખ થઈ સત્ય ગ્રહણ કરવાની શક્તિ નથી કારણ કે મન જો અંતરમુખ થાય તો તેને અમન થવું પડે. તે અનુભવી સંતોના અંતર અનુભવોને જોઈ શકતું નથી, પરંતુ તેમનો બાહ્યાચાર જોઇ નીતિ અને સંયમનું માળખું તૈયાર કરે છે. તેને મનથી ધર્મ પાળનારો મોટો વર્ગ અનુસરે એટલે તે સંપ્રદાય બને જેને અંગ્રેજીમાં " Creed " કહેવામાં આવે છે. આ બધા મનના ધર્મો છે. એટલે તે મનનું રૂપાન્તર કેવી રીતે કરી શકે ?

આત્માનો ધર્મ જેને આધ્યાત્મિકતા કહેવાય છે તે તો



મનુષ્યમાત્રનો એટલે દરેક દેહધારીનો એક જ હોઇ શકે. મનમાં આવીને આત્મા અનેકતાને પામ્યો છે, પરંતુ પોતાના મૂળસ્વરૂપે તો એક જ છે. આત્મા સ્થૂળતાને પામી મન, પ્રાણ, ઇન્દ્રિયો અને દેહ સુધી ફેલાયેલો છે. આ તેનું સ્થૂળરૂપ છે, છતાં પાછો સૂક્ષ્મરૂપે દરેકના કેન્દ્રમાં સૂત્રરૂપે પરોવાયેલો રહ્યો છે. તેથી દેહના આ બધા અંગો સજીવન રહ્યાં છે. આપણે એટલે આત્મા આ બધા રૂપ બની ગયા છીએ, તેવી જ રીતે પરમાત્મા પણ તેના સર્જનમાં સૂક્ષ્મરૂપે ઓતપ્રોત થઇને રહ્યો છે, તેથી સૃષ્ટિમાં પણ સજીવતા છે. આપણે માટીમાં બી વાવીએ છીએ ત્યારે માટી અને બી બન્ને જડ જેવાં જણાય છે પરંતુ તેમના સંયોગથી જ્યારે તે પાણી વડે જોડાય છે, ત્યારે બીમાંથી જે ફણગો ફુટી બહાર આવી છોડ બને છે, ત્યારે આપણને બન્નેમાં રહેલી સજીવતા નજરે પડે છે. પરંતુ ગર્ભિત રીતે તો પાણી, માટી અને બીમાં જીવંતતા હતી જ. તેજ રીતે પરમાત્માનું સૂક્ષ્મ સ્વરૂપ-દરેક અણુમાં પણ જીવંતતારૂપે વ્યાપી રહેલું છે, તેવું અણુંનો વિસ્ફોટ કરતાં જણાયું. અણુ માત્રમાં વ્યાપી રહેલી ચેતન શક્તિને ઉપયોગમાં લઈ હાલમાં વિનાશક " એટમ બોંબ' " બનાવ્યો છે. તે મનુષ્યના મને કરેલો શકિતનો દુરૂપયોગ છે. સાયન્સ આજ શક્તિનો સર્જન માટે પણ ઉપયોગ કરી શકે. મનુષ્યે સાયન્સ દ્વારા પ્રભુની શક્તિની વિવિધ કૃતિઓની શોધ કરી પરંતુ તેમાં સૂત્રરૂપે પરોવાયેલા પરમતત્ત્વનાં તેમને દર્શન થયાં નહીં. પ્રકૃતિમાં જીવન્તતા પ્રભુની છે, જે કાંઇ શોધો થઈ છે, તેમાં જીવંતતા અદૃશ્ય રહી છે. અને વિજ્ઞાની પાસે આ અદૃશ્યને દૃશ્ય બનાવવાની કળા નથી. તે છે ફક્ત જ્ઞાની પાસે. જ્ઞાની પોતાની દેહની લેબોરેટરીમાં પ્રકૃતિમાં પરોવાયેલા આ જીવંત સૂત્રને શોધે છે. પરંતુ બન્નેની શોધના

માર્ગ અને સાધનો જુદાં છે. સાયન્સ બહિર્ગામી શોધ કરે છે. જ્યારે ધર્મ અંતર્ગામી શોધ કરે છે. સાયન્સનાં સાધનો મન-ઇન્દ્રિયોને ઉપયોગમાં લે છે, જ્યારે ધર્મ ઇન્દ્રિયો અને મનને પણ નીચે છોડી દેવાની સૂચના કરે છે. સાયન્સ કાંઈક પ્રયોગ કરી મેળવવાની ચેષ્ટા કરે છે. ધર્મ "કરવા માત્રને" છોડી દઈને ફક્ત અભિપ્સા સેવવાનું કહે છે. માનવ દેહની લેબોરેટરીમાં અગત્યનું એક જ રસાયણ છે. જે વિજ્ઞાની પાસે નથી. તે છે "પ્રેમ" આ રસાયણથી અદૃશ્ય તત્ત્વ દૃશ્ય બને છે. વિજ્ઞાની પાસે મન સુધીની ગતિ. જ્ઞાનીનો પ્રેમ મનથી ઉપરના મજલે રહેતો હોય છે. ઋષિઓએ અને ભકતોએ આ પ્રેમની સાધના કરી છે અને તે માટે તેમણે જીવનની વિશુદ્ધિ માટે યમ નિયમ વગેરે આચરી ધ્યાન દ્વારા પ્રભુ પ્રેમની પ્રાપ્તિ કરી છે. ભક્તોએ ભાવ દ્વારા પ્રેમની પ્રાપ્તિ કરી છે. પરંતુ આ બધા અંતરંગ સાધનો છે. સામાન્ય મનુષ્ય તે કરી શકે નહીં; કારણ કે તેમાં મુખ્ય શરત જગત અગર સંસારના રાગને છોડવાની છે. તમને જ્યાં સુધી સંસારનું આકર્ષણ રહ્યાં કરે, ત્યાં સુધી તમે અંતરમુખ થવાનું પસંદ કરો નહીં. ધર્મ અંતરયાત્રા અને પ્રેમનો માર્ગ છે. તમે હાલમાં શું પ્રેમ કરતા નથી? દરેક માણસ કોઈને કોઈ સાથે પ્રેમ તો કરતો જ હોય છે. પરંતુ પર સાથેનો પ્રેમ તે પ્રેમની વિકૃત સ્થિતિ છે, જેને મોહ અગર આસક્તિ પણ કહી શકાય. આસક્તિનું ઉર્ધ્વીકરણ એટલે પ્રેમ. પ્રેમ કોઈ પ્રત્યે હોતો નથી—કારણકે તે આત્માનો સ્વભાવ છે અને પ્રસન્નતા એ પ્રેમનું કિરણ છે. આ સહજતાની સ્થિતિ છે. મનની અમન સ્થિતિમાં જ્યારે કોઈ વાસનાનો કમ્પ પેદા થતો નથી ત્યારે મનની શાંત સ્થિતિમાં જ્ઞાની પોતાના સ્વરૂપની સ્થિતિમાં સ્થિત થાય છે.



ત્યારે પ્રેમ અને પ્રસન્નતા તેના દેહમાંથી સૂક્ષ્મ તરંગો મારફત બહાર વહ્યા કરે છે; અને જ્ઞાનીની સ્વરૂપ સ્થિતિ જ્યારે દેહની લેબોરેટરીમાં સર્જાય છે ત્યારે જગતની લેબોરેટરીમાં વ્યાપી રહેલું પરમ તત્ત્વ જે હમણાં સુધી અદૃશ્ય હતું તે દૃશ્ય થાય છે અને જ્ઞાની જુએ છે કે બહાર જગતમાં પણ પોતાનું જ વિસ્તૃત સ્વરૂપ છે. સર્વ વ્યાપી ભગવાનને પામવા માટે મનુષ્યને દેહરૂપી લેબોરેટરી આપવામાં આવી છે. અને તેમાં મૂકવામાં આવેલાં સાધનો પણ તે હેતુ માટે છે. આપણો દેહ જ માત્ર પ્રભુ પામવાનો વાયા મીડીયા છે. બીજો કોઈ રસ્તો નથી. બહાર ભગવાનને શોધનારાઓ કવિઓ અને કલાકારોથી વિશેષ કાંઈ બની શકે તેમ નથી. સાધનાની દિશા દેહની બહાર નહીં પરંતુ અંતર છે અને તે માટે દેહના અંતરંગ સાધનોની શુદ્ધિકરણની અપેક્ષા રહે છે.

---

## જીવનનું કલ્યાણ કોણ કરી શકે છે ?

હંમેશા યાદ રાખો કે તમે કોઈના નથી ને કોઈ તમારું નથી. એક દિવસ એકાએક રીતે તમારે આ સંસારની બધી વસ્તુઓને છોડીને ચાલવું પડશે તેનો વિચાર કરો અને ઈશ્વરસાથે સંબંધ બાંધો. ઈશ્વરની પાસે પહોંચવાનો પ્રયાસ કરીને મરણ પછીની મુસાફરીમાટે તમારી જાતની તૈયારી કરો. અજ્ઞાનને લીધે હાડમાંસના માળખાને તમારું માનો છો એજ દુઃખનું કારણ છે. નિરંતર ધ્યાન કરો અને બધી જાતના દુઃખોથી મુક્ત અનંત આત્માનો સાક્ષાત્કાર કરો. સાધનાની મદદથી શરીરના કેદખાનામાંથી છૂટીને આત્મામાં સ્થિતિ કરવાની ટેવ પાડો. જે વાંચીને બેસી નથી રહેતો પરંતુ સ્વાનુભવ કરે છે તેજ વિવેકી છે ને ડાહ્યો છે. જીવનનું કલ્યાણ તેજ કરી શકે છે. —લાહિરી મહાશય

## શુચિ શ્રાદ્ધ

તમે મીંચી લીધાં નયન કરુણાથી સભર બે,
અમે ભૂલ્યાં એનો પ્રણય નવ ના ભાવ હજુયે;
કર્યા લોકાચારો સકળ, સમયે શ્રાદ્ધવિધિને
કરી શ્રદ્ધા સાથે વિવિધ તપ ને દાન કરિયાં.

ગયાં તીર્થોમાં ને વિધિ સફળતાપૂર્વક કરી
નહાયેલાં સર્વે સરિતજલમાં તોપણ અમે
વહાવ્યાં અસ્થિને મધુર સુખને મંગલ સ્મરી,
ધરિત્રી સારીયે સુખદ સ્પરશે પાવન બની.

તમે શ્રદ્ધાભક્તિસહ પરમ આદર્શો હૃદયે
સદા રાખી જીવ્યાં વિષમસમ વાતાવરણમાં
રહી ચંદ્રિકાશાં વિમલ પર સૌથી ગગનમાં
વળી રેલ્યાં રશ્મિ રસમય સદા શાંતિ ધરતાં,
તમે જીવી જાણ્યું; સ્મરણ નિત આદર્શનું કરી
અમેયે જીવીએ પરમ શુચિ એ શ્રાદ્ધ જ ગણું.

યોગેશ્વર

(પ. પૂ. માતાજી જ્યોતિર્મયીને શ્રદ્ધાંજલિ રૂપે.)



## ટૂંકા પ્રવાસમાં

સૌનેય છે જવાનું અંતે અલગ થવાનું;
વૃક્ષોતણી ઘટામાં સૌન્દર્યની છટામાં
કૂજે વિહંગ ક્રીડે ને ક્રૌંચે વાયુ ગાયે
બેસી પરબ પરે ત્યાં પાછા પથે જવાનું.

અશ્વત્થની સમીપે શાશ્વત સમય સુધી ના
કોઇ શક્યું વગાડી વીણા નદીતટે આ;
ઘંટારવો પૂજારી સાહિત્ય ને પૂજાનું
દીપકશિખા બધુંયે સ્મૃતિના ઉરે સમાયું.

મંદિર રહ્યું ન એવું આરાધના ન એવી
છે કાળદેવતાએ ક્રીડા કરેલ કેવી ?

સૌનેય છે જવાનું અંતે અલગ થવાનું
ના કિન્તુ પ્રેમને કો સ્વાહા કરી જવાનું,
ટૂંકા પ્રવાસમાં જે સાથી મળે મળીયે
તે સર્વને હૃદયથી ભાવે ભળી જમીયે.

યોગેશ્વર

(પ. પૂ. જ્યોતિર્મયીને અંજલિ રૂપે.)

## અકલિત કલા પ્રભુ તારી

( રાગ-"એક જ દે ચિનગારી"નો )

અકલિત કલા છે તારી મહાપ્રભુ, અકલિત કલા છે તારી;
નવ ચાલે અકલ એં અમારી.
મહાપ્રભુ, અકલિત કલા છે તારી.

( આંતરો )

ગુંબજ પ્રકટ્યો, પ્રકટી દિશાઓ, પ્રકટી આભ અટારી;
પ્રગટી અહીં આ ચરખેચરખે, નોખી પ્રાણ-પટારી !
મહાપ્રભુ૦

બીજથી અંકુર, અંકુરથી યે પ્રગટ્યો ઘેઘૂર વડલો;
ઘનઘન વીંધતી વીજળી પ્રગટી, પ્રગટ્યો ઓહો મવલો.
મહાપ્રભુ૦

દીનદુખિયાંને કાજે કરુણા, દયા, અહિંસા અગાધી;
હીન માનવથી બુદ્ધ મહાવીર, પ્રગટ્યા ઈસુ વળી ગાંધી.
મહાપ્રભુ૦

શું શું નાથ ન પ્રગટ્યું આંહી, ને સકલ યે બ્રહ્મ-અણ્ડે ?
પળપળ પુલકિત પ્રાણ અમારા, વંદન કરે નવખણ્ડે !
મહાપ્રભુ૦

ડૉ. અશ્વિન પટેલ



## વિશ્વમાતા

આશા ત્રિવેદી

માનબાપાએ ઘણાં ઉમળકાથી "વિશ્વમાતા" બનવાનો આશીર્વાદ આપ્યો. માથા પર જાણે વજનનું પોટકું પડ્યું હોય એમ લાગ્યું, પણ ધીરે ધીરે તેને ખોલીને માનબાપાને પાછું આપવાનો વિચાર એકાએક થઈ આવ્યો. આમા કશું બનવાપણું છે જ નહી.

વિશ્વ એટલે જગત, સમસ્ત બ્રહ્માંડ જેમાં ગ્રહ, નક્ષત્ર, તારાઓ અને આપણી પૃથ્વીનો સમાવેશ થાય છે. માતા એટલે ભગવાનની અનંત કરુણા, ભગવાનનો નિરપેક્ષ પ્રેમ જેના આધારે સર્વ કાંઈ ટકી રહ્યું છે એટલું જ નહી પણ નવા નવા સ્વરૂપે પ્રગટી રહ્યું છે, ફળી રહ્યું છે, કૂચ કરી રહ્યું છે. આ તત્ત્વ કોઈ ખાસ પ્રકારની વ્યક્તિની અંદર જ સીમિત થઈને રહ્યું છે એમ નથી. સામાન્ય રીતે આપણે એમ માનીએ છીએ કે ચોળી અને સાડી પહેરેલી સ્ત્રી માતા છે. પણ ઘણી વાર પુરુષના શરીરમાં યે કરુણા અને પ્રેમાળ હૃદયના રૂપે માતા જ બેઠી હોય છે. દુર્ભાવનાના નાશ માટે સ્ત્રી શરીરને માતાનું સંબોધન કરવાની પ્રથા ભારતમાં છે, આ ઉત્તમ રીત છે. વસ્તુતઃ માતા તો અગોચર, અચિંત્ય અને અકલ્પ્ય છે. સંસારમાં નાનામાં નાના કાર્યથી માંડીને મહાનમાં મહાન કાર્યની ચાલક શક્તિ સ્વયં માતા છે. કીડી કણ લઈને પોતાના દર તરફ જતી હોય, પંખી ચણ લઈને પોતાના બચ્ચાના મોંમા મૂકવા માળા ભણી જતું હોય, રસ્તા પરની કોઈ ભિખારણ સ્ત્રી પોતાના ધૂળિયા બાળકના મુખને ચૂમતી હોય અને કોઈ સાધ્વી દેવી તપ કરતી હોય,

આ સઘળું કાર્ય એક જ સત્તા શક્તિ વિશ્વમાતાનું છે. આ રીતે પ્રભુની દયા અનેક રૂપે મૂર્ત થતી હોય છે, વળી સર્જન પાલન અને સંહાર આ ત્રણેય મહાકાર્યની અધિષ્ઠાત્રી પણ એ જ એક શક્તિ માતા છે. શ્રીઅરવિંદ પણ આ જ વાત કહે છે કે જે કાંઈ છે તે સઘળું શાશ્વત પરમના રહસ્યોનો, અનંતના ચમત્કારોનો મા ભગવતીએ કરેલો આવિર્ભાવ છે. અખિલ વિશ્વમાં ભગવતી પોતે જ છે. જે જગતો ઉત્પન્ન કરેલાં છે તેમાં તે સ્વયં પ્રવેશે છે. સર્જનની વિષે વિચારવા બેસીશું તો બુદ્ધિ ઝોલા ખાવા માંડશે. આ વિશાળ સૃષ્ટિ કોણે બનાવી ? ગ્રહ, નક્ષત્રો, તારાઓ કયાંથી આવ્યાં ? શાસ્ત્રકારો, વિદ્વાનો, મોટા પંડિતો શોધી શોધીને હાંફી ગયા પણ એનો સ્પષ્ટ જવાબ હજુ ય મળતો નથી. કપિલ ભગવાને એના સાંખ્ય યોગ દર્શનમાં “ અજામેકાં લોહિત શુક્લ કૃષ્ણાં...” કહીને ત્રણ રંગવાળી અજન્મા અને એક એવી પ્રકૃતિ માતાને દર્શનની શરૂઆતમાં જ નમસ્કાર કર્યા છે. આ મૂલ પ્રકૃતિદેવીએ ઘણી પ્રજાઓનું સર્જન કર્યું છે. ઘણી પ્રજાઓ એટલે સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણના આધારે ત્રણ પ્રકારના લોકોની રચના કરી. સત્ત્વના આધારે માનુષી સૃષ્ટિ અને તમસના આધારે પશુઓ, સર્પો, વૃક્ષો ઉપરાંત દાનવો થયા. આ સર્વની પાછળ ચેતના રૂપે એક જ માતા રહી છે. શ્વેતાશ્વતર ઉપનિષદ્‌માં આ જ વાત બીજી રીતે કરવામાં આવી છે.

एको हि रुद्रो न द्वितीयाय तस्थुर्य इमांल्लोकानीशत इशनीभिः । प्रत्यङ्क्षनांस्तिष्ठति संचुकोपान्त काले संसृज्य विश्वा भूवनानि गोपाः ॥ (શ્વેતાશ્વતર અ. ૩-૨)

“ એક જ રુદ્ર (ઇશ્વર) છે, માટે બ્રહ્મજ્ઞો તેનાથી ભિન્ન



કોઇ અન્ય વસ્તુ માટે અપેક્ષા નથી કરતા, આ ઇશ્વર પોતાની નિયામક શક્તિઓ વડે આ લોકોનું શાસન કરે છે-નિયમમાં રાખે છે, સમસ્ત જીવોની અંદર સ્થિત છે, સર્વ લોકોની રચના કરીને તેમનો રક્ષક બનીને પ્રલય કાળે સંહાર કરે છે. ” ઉપનિષદ્‌કારના ઇશ્વરની શક્તિ જ આપણી માતા છે. તે ત્રણે ગુણોને પોતાના શાસનમાં રાખીને તેની જ મદદથી સર્જનમાં વિવિધતા પ્રગટાવે છે. જો આ ત્રણે ગુણો પરસ્પર વિરોધી લક્ષણવાળા હોવા છતાં ય જાણે વિશ્વમાતાના ઇશારાથી શેરીમાં રમતાં ડાહ્યાં ડમરાં છોકરાઓની જેમ સંપી જઇને સર્જન કાર્યમાં પોતાનો મહત્ત્વનો ફાળો આપે છે. વળી પાંચ ભૂત તત્ત્વના આધારે માએ સઘળા આકારો ઉત્પન્ન કર્યા. અવિચ્છિન્ન આકાશને દિશાઓની રેખામાં બાંધીને મોટી ભ્રાંતિ ઉત્પન્ન કરી. ગ્રહો નક્ષત્રો, ઉષા-સંધ્યા અને તારાઓથી આકાશને મનોહર બનાવ્યું.

પ્રશ્નોપનિષદ્‌માં પિપ્લાદ મુનિએ પ્રજા ઉત્પત્તિ માટે આ રીતે જવાબ આપ્યો છે.

प्रजाकामो वै प्रजापतिः स तपोऽतप्यत स तपस्तप्त्वा स मिथुनमुपादयते । रयिं च प्राणं चेत्येतौ मे बहुधा प्रजाः करिष्यति इति ॥ (प्रश्न १-४)

પ્રજા ઉત્પન્ન કરવાની ઇચ્છાવાળા પ્રજાપતિએ તપ કર્યું. તેણે તપ કરીને યુગલ ઉત્પન્ન કર્યું. આ રયિ અને પ્રાણ બંને ય મારી અનેક પ્રકારની પ્રજા ઉત્પન્ન કરશે. ” પ્રાણ એટલે આદિત્ય અર્થાત્ અગ્નિ. રયિ એટલે ચંદ્રમા. ચંદ્રમા સોમરસરૂપ છે, તે ભોગ્યરૂપ છે. પ્રાણ ભોક્તા છે. પ્રજાપતિએ સર્વાત્મા થઈને આ યુગલની મદદથી જગતની રચના કરવા વચાર કર્યો. પ્રજાપતિ એ જ શક્તિ જનનીનું જ રૂપ છે.

જ્યારે ઐતરેય ઉપનિષદ્‌માં સૃષ્ટિ ઉત્પત્તિ વિષે આ રીતે મત છે.

" ॐ आत्मा वा इदमेक एवाग्र आसीत् नान्यत्किंचन मिषत् । स इक्षत लोकान्नु सृजा इति ॥

(ઐતરેય. અ. ૧–૧)

પહેલાં આ જગત એક માત્ર આત્મા રૂપે જ હતું. તેના સિવાય બીજી કોઈ સક્રિય વસ્તુ ન હતી. તેણે એવો વિચાર કર્યો કે " લોકોની રચના કરું. " સર્વશ્રેષ્ઠ, સર્વજ્ઞ, સર્વશક્તિમાન, પરમાત્માએ પોતાની શક્તિથી નામ, રૂપથી અને કર્મના ભેદથી વિવિધ રૂપે દેખાતું જગત બનાવ્યું. આ રીતે સર્જનની બાબતમાં અનેક મત મતાંતરો હોવા છતાં તત્ત્વથી તે દરેકના દર્શનની પછવાડે એક જ પરમ શક્તિ ગુપ્ત રીતે રહી છે.

સર્જન પછી પાલન પોષણની વાત આવે છે. ઉત્પત્તિ થઈ હોય તેને સ્થિતિ તો જોઈએ. સ્થિતિ થાય પછી ટકી રહેવા માટે કાંઇક શક્તિ પણ જોઈએ. અને તે માટે પરમેશ્વરે અન્નની રચના કરી. પણ અન્નનું મહત્ત્વ ક્ષુધા વગર સમજાઇ શકતું નથી આથી પરમ ઈશની શક્તિ પ્રાણી માત્રની અંદર ક્ષુધા થઈને પ્રગટી અને અન્નને ખાવા માંડી. તંત્રોક્ત દેવી સૂક્તમાં આ પ્રમાણે શ્લોક છે या देवी सर्वभूतेषु क्षुधारुपेण संस्थिता नमस्तस्यै २ नमो नम। તો વળી ભગવદ્‌ગીતામાં એથી થોડી વધુ વાત કરવામાં આવી છે. પ્રભુ પોતે જ વૈશ્વાનર અગ્નિ અર્થાત્ ક્ષુધાનો અગ્નિ થઇને પ્રાણીઓના દેહમાં રહે છે અને પ્રાણ અપાન સમાનથી યુક્ત થઇને ચાર પ્રકારના અન્ન (ચોસ્ય, ખાદ્ય, પેય, લેહ્ય)ને પચાવે છે પ્રાણ અને અપાનના મધ્યભાગ–નાભિ પ્રદેશમાં સમાન વાયુ રહે



છે. ખાધેલાં અને પીધેલાં પદાર્થોને સમ કરતો હોવાને લીધે તે ' સમાન ' કહેવાય છે. આ સમાન વાયુ જઠરમાં નાખેલાં અન્ન અને પાનને આખા શરીરમાં સમભાવથી પહોંચાડે છે. તેથી ખાન–પાનરૂપ સમિધાથી જીવન–દીપ ટકી રહે છે. જીવનનો મોટો આધાર પ્રાણ અને અન્ન છે. પ્રાણી માત્ર આ બે દ્વારા જ પોતાનું અસ્તિત્વ રાખી શકે છે. પાલન–પોષણની વાત આવે ત્યારે પ્રાણની વાત પહેલી આવશે જ. પ્રશ્નોપનિષદ્‌માં પ્રાણનું બહુ મહત્ત્વ બતાવ્યું છે. અને તેને માતાની ઉપમા આપી છે.

मातेव पुत्रान् रक्षस्व श्रीश्च प्रज्ञा च विधेहि न इति ॥

(પ્રશ્ન ૨–૧૩)

" હે પ્રાણ ! જેવી રીતે માતા પોતાના પુત્રોની રક્ષા કરે છે તેવી જ રીતે તું અમારી રક્ષા કર ને અમને કાર્ય કરવાની શક્તિ અને જ્ઞાન પ્રદાન કર. " આ રીતે પ્રાણ એ આપણી પાલક–શક્તિ છે. પ્રાણને પ્રદીપ્ત રાખવા માટે અન્ન છે. અતરેય ઉપનિષદ્‌માં અન્ન ઉત્પત્તિની ખૂબ સરસ વાત આ પ્રમાણે છે. તે પરમેશ્વરે પાંચ સૂક્ષ્મ મહાભૂતોને તપાવ્યાં એટલે કે સંકલ્પ દ્વારા તેનામાં ક્રિયા ઉત્પન્ન કરી. તપેલા તે સૂક્ષ્મ ભૂતોમાંથી એક મૂર્તિ ઉત્પન્ન થઇ તે જ અન્ન. આહાર માટે ઉત્પન્ન થયેલું તે અન્ન મનુષ્યો તરફથી મોઢું ફેરવી લઇને નાસવા માંડયું. ત્યારે મનુષ્યના રૂપમાં ઉત્પન્ન જીવાત્માએ તેને અનુક્રમે વાણીદ્વારા, ઘ્રાણેન્દ્રિય દ્વારા, આંખો દ્વારા, ત્વચા દ્વારા, મન દ્વારા પકડવા ઇચ્છયું પણ તે પકડાઈ શકયું નહીં. અંતમાં પુરુષે અન્નને મુખના દ્વારથી અપાન વાયુ દ્વારા ગ્રહણ કરવા ઇચ્છયું ત્યારે તે તેને શરીરમાં લઈ જઈ શકયો.

આ રીતે સમસ્ત સૃષ્ટિ અન્ન-પાન અને પ્રાણ ઉપર ટકી રહી છે.

સંહાર એટલે નાશ કરવો. પૌરાણિક કથા પ્રમાણે સંહાર એટલે પ્રલય થવો. પ્રલય વખતે કશું જ બચતું નથી. એમ કહેવાય છે કે પૂર્વે મહા પ્રલય વખતે જ્યારે આખી પૃથ્વી જળમય બની ગઈ ત્યારે ચાર વેદોની રક્ષા કરવા ભગવાન વિષ્ણુએ મત્સ્યનું રૂપ લીધું હતું. વેદો ધર્મ અને સત્ય સ્વરૂપ છે. આ પરથી લાગે કે પ્રલયમાં બધાંનો જ વિનાશ થાય છે એમ નથી. પણ જે સત્ય સ્વરૂપ છે તેને બચાવી લેવામાં આવે છે. સત્ય અને ધર્મની રક્ષા માટે અને ખરાબના નાશ માટે પરા શક્તિ માતા દરેક સમયે પોતાને પૃથ્વી પર પ્રગટ કરે છે. ખરેખર તો સંહારની ક્રિયા પાછળ એક રૂપાંતર કાર્ય કે નવ-સર્જન જ રહેલું હોય છે. જેમ કે દુર્ગાએ કુળ સહિત મહિષાસૂરનો સંહાર કર્યો હતો. આમાં ઘોર તમસ્થી આવૃત્ત પોતાના અસૂર સંતાનનું દિવ્યતામાં રૂપાંતર કરવા માટે જ તેનો નાશ કર્યો હતો. અને પોતાની સાથે સાયુજ્ય આપ્યું હતું. આજે પણ દુર્ગા-પૂજા વખતે મહિષાસૂરના મસ્તકની પ્રથમ પૂજા કરવામાં આવે છે. અર્થાત્ આ સંહાર કાર્ય ઇશ્વરની અત્યંત કરુણાનું જ દ્યોતક છે. અને તે સહેતુક છે.

મા ભગવતીની લીલા અકળ છે. તેના મહાન કાર્યની યોજના સમજવી જ્ઞાનીઓને માટે પણ કઠણ છે. આથી તો તેને "લીલા" શબ્દથી ઓળખાવી છે. તે હજારોના હાથ દ્વારા, મુખદ્વારા, પગદ્વારા કામ કરે છે, બોલે છે અને ચાલે છે. અને છતાંય એક અને અદ્વિતીય છે. સંસારમાં જે કાંઇ છે તે એ જ બની રહી છે દરેક દીવામાં સરખી જ્યોત. કોઇ ઊંચ નહી, કોઈ નીચ નહી.



## "જીવનને લેજો સુધારી !"

લેજો સુધારી-સુધારી; જીવનને લેજો સુધારી ! ટેક.
મોંઘો માનવનો અવતાર જાણજો (૨)
મોક્ષ તણી છે બારી; જીવનને લેજો સુધારી ! ૧
ભક્તિની શક્તિ છે સાચી જગતમાં (૨)
જોડો 'યોગેશ્વરજી'થી યારી; જીવનને લેજો સુધારી ! ૨
આત્માના તત્ત્વના સત્ત્વને સમજો (૨)
શ્રદ્ધા-વિશ્વાસ ઉર ધારી; જીવનને લેજો સુધારી ! ૩
પ્રીતિની રીતિને જાણી લ્યો મનમાં (૨)
મિથ્યા વિવાદ વિસારી; જીવનને લેજો સુધારી ! ૪
મમતા ત્યજીને સમતાને ધારો (૨)
મળશે મોહન મનહારી; જીવનને લેજો સુધારી ! ૫
સંસાર-સાગરમાં રે'જો કમળ સમ (૨)
જ્ઞાન-પ્રકાશ પ્રસારી; જીવનને લેજો સુધારી ! ૬
'જગદીશ' સહુમાં સદ્ભાવ રાખો (૨)
નિરખો ગોવર્ધન ધારી; જીવનને લેજો સુધારી ! ૭

—જગદીશચંદ્ર એસ. આચાર્ય

## મારે ભવસાગર તરવો છે

( ખમાચ લાવણી )

મારે આ ભવસાગર તરવો છે.
વિઘ્ન હજારો આવે તોયે, ડર નવ કોનો ધરવો છે.
હાલક ડોલક હોડી થાયે, હતાશ હૈયું હારી જાયે,
તોયે કિનારે પહોંચી જાવા, પ્રયાસ અતિ આદરવો છે.
વિવેક વાટે ડગલાં દેતાં, કટુ મિષ્ટ અનુભવને લેતાં;
શૂરવીર થઇને કંટક કાપી, પ્રવાસ પૂરો કરવો છે.
બગઠગની સંગત પરખીને, કુસંગ કૂડો તજી હરખીને,
હંસરૂપે રહી માનસસરનો, મૌક્તિક ચારો ચરવો છે.
મોહક મમતા ખૂબ સતાવે, છૂપા છૂપા ભાવ બતાવે,
નશ્વર દેહ સંબંધો તોડી, દેશ વેશ પરહરવો છે.

કમલા ઠક્કર



(પાનાં ૨૦ નું ચાલુ)

વિશુદ્ધ આત્મસિદ્ધ યોગીની જેમ મહાત્માજી નથી પ્રચારની ઇચ્છા રાખતા અને નથી કોલાહલના ચાહક. તેઓશ્રી, અન્ય આધ્યાત્મિક ગુરુઓની જેમ નથી કોઇ શિષ્યપરંપરામાં વિશ્વાસ રાખતા કે નથી માન્યતા ધરાવતા કોઈ સંપ્રદાય વિશેષમાં.

‘**પરમસત્ય**’ સનાતન છે. તેને ભૂત-ભવિષ્ય હોતાં નથી. મહાત્માજી પાસેથી તે ‘પરમસત્ય’ નો બોધ પામીને સૌ કોઈ ધન્યતા અનુભવે છે. તેઓશ્રી કહેતા રહે છે કે જીવનમાં સરળ રહીએ અને માંગલ્ય ઉપર નિષ્ઠા રાખીએ તો જીવનમાં બધી ઉપલબ્ધિ ઉત્તરોઉત્તર થતી જ રહે છે. જીવનને સુવાસમય, સૌંદર્યમય અને આનંદમય બનાવવું એ જ સાચા સાધકનો ધર્મ છે. જીવનમાં જે મધુમય છે, માંગલ્યમય છે, તેની આરાધના હંમેશાં કરવાની છે. **જીવનમાં પહેલાં પરિશુદ્ધિ તથા પ્રયાસ અને પછી પ્રસાદ.** ‘**અમૃત**’ આસાનીથી પ્રાપ્ત થતું નથી.

જ્યાં સુધી માનવ પ્રકૃતિના પદાર્થોમાં રમમાણ હોય છે ત્યાં સુધી ભક્તિની પુણ્ય સલીલા વહેતી નથી.

**કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ**

શાંતિભાઈ કનેરીયા

**ઓઇલ એન્જીનના ઉત્પાદકો**

ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૧

ફોન. નં. ઘર : ૨૮૨૧૪ ઓફિસ : ૨૫૯૧૭ : ઓફિસ ૩૩૬૬૦

# રાજસ્થાનનાં સ્ત્રીસંત શ્રી કરમૈતી

શ્રી વિજય પુરોહિત

રાજસ્થાનમાં જયપુર તાબાનું નાનું શહેર ખંડેલા. અહીં કરમૈતી નામે મહાન સ્ત્રીસંત થઈ ગયાં.

તેમના પિતાનું નામ પરશુરામ.

પૂર્વના પ્રબળ સંસ્કાર વારસાને લીધે નાનપણથીજ, મીરાબાઇની જેમ કરમૈતીનું મન ભગવાન શ્રીશ્યામસુંદરમાં લાગી ગયેલું. એટલે એ નિરંતર શ્રીકૃષ્ણના નામનો જપ કર્યા કરતાં. તેમની પૂજા કરતાં કરતાં એમની આંખોમાંથી અશ્રુપ્રવાહ વહેતો ને પ્રભુને કરૂણાર્દ્ર ભાવે પોકારતાં રહેતાં. તેઓ કદીક પ્રભુનું સંકીર્તન કરતાં કે કદીક રોમાંચિત થઈ ભાવાવેશમાં ઢળી પડતાં. વય નાનું હતું પણ ભાવ ઘણો ભારે હતો.

માત–પિતા પોતાની પુત્રીનો સરલ ને પ્રબળ ભગવદ્પ્રેમ જોઇ પ્રસન્ન થતાં. આસપાસના લોકો પણ રાજી થતાં. પરંતુ સંસારમાં એ રીતે થોડું રહેવાય.

સમયના વીતવા સાથે, પુત્રીની ઉમ્મર વિવાહયોગ્ય થઇ. માબાપ એમના વિવાહની ચિન્તા કરવા લાગ્યાં.

કરમૈતીને વિવાહની વાત ગમતી નહિ. પરંતુ માબાપને તેઓ પોતાના દિલની વાત શી રીતે કહી શકે ? વળી એ સમય પણ એવો કે પુત્રીને કુંવારી રાખવાનું માબાપ વિચારી જ ન શકે.

આખરે શ્રી પરશુરામજીએ પુત્રીનો વિવાહ કરી નાંખ્યો.



પરંતુ કરમૈતી તો મનથી પ્રભુને—પ્યારા પ્રભુ કૃષ્ણને વરી ચૂકયાં હતાં. ભગવાનનાં થઇ ચૂકયાં હતાં. હવે એમના ઉપર બીજાનો અધિકાર થાય, તે તેઓ કેમ સહી શકે ?

આમ કેટલાક દિવસો વહી ગયા. એક દિવસ શ્વસુર પક્ષના માણસો કરમૈતીને તેડવા આવ્યા. કરમૈતીને ખબર પડી કે જે ઘરમાં એમનો સંબંધ થયો છે, તે લોકો સંપૂર્ણ નાસ્તિક છે ! એથી એમને ચિન્તા થવા માંડી કે ત્યાં શી રીતે રહેવાશે-જીવાશે !

વળી શ્વસુર પક્ષનાં સંબંધીઓ વૈષ્ણવો અને સંતોના વિરોધી છે ત્યાં પ્રભુ સેવાનો અવસર તો કયાંથી મળવાનો ? સાસરે જતાં જ પોતાના શરીર અને મનને વિષયભોગમાં પરાણે લગાડવાં પડશે. એ વિચારે એ વ્યાકુળ બની ગયાં !

એમનાથી મનોમન પ્રભુને પ્રાર્થના થઇ ગઈ ! પ્રભુને કરુણાર્દ્રભાવથી એ પોકારવા લાગ્યાં. " પ્રભુ, આપની આ દાસીને લોકો પરાણે વિષયોની દાસી બનાવશે, ને આપ જોયાં કરશો ? મને સહાય કરો પ્રભો,...પ્રભો મને આ સંસારમાં-થી છોડાવો ! "

એક બાજુ કરમૈતીની માનસિક હાલત આવી હતી; તો બીજી બાજુ માતા પિતા પુત્રીને સાસરે વળાવાની તૈયારીઓ કરવામાં ગૂંથાયેલાં હતાં. પધારેલ મહેમાનોની સરભરા ચાલતી હતી.

બીજે દિવસે કરમૈતીને સાસરે વળાવવાનાં હતાં. એમને નિદ્રા શાની આવે ! એ તો પ્રભુને યાદ કર્યાં કરતાં હતાં. ત્યાં અચાનક એમને વિચાર આવ્યો.

" બધાં થાકીને ઊંઘી ગયાં છે. ચાલો ભાગી જવા દો. " પોતે ઘરથી કદી એકલાં બહાર નીકળેલાં નહિ. કોઇ માર્ગ

પણ જોયેલો નહિ. પરંતુ વિચારનો અમલ કરવા માટે થોડા કલાકોજ હતા. એમણે ગૃહત્યાગનો નિશ્ચય કરી લીધો. ને ભગવાનને યાદ કરતાં એ ઘરમાંથી છાનામાના નીકળી પડ્યાં.

પ્રભુને યાદ કરતાં કરતાં પગ જે દિશામાં લઇ ગયા, ત્યાં એ ચાલ્યાં. ખૂબ ચાલ્યાં. સવાર થતાં સુધીમાં એમણે ઘણું અંતર કાપી નાખ્યું. મનમાં ભગવાન કૃષ્ણના સ્મરણની મસ્તી હતી. સાથે એમ થતું કે એક વાર જો સંસારમાં પડ્યાં તો ભગવાનથી કાયમનાં વિખૂટા પડી જવાશે. એટલે સંસારમાં તો પડવું જ નથી.

પ્રભુવિરહના તલસાટમાં પ્રાતઃકાળ થઈ ગયો. છતાં, નિદ્રા, ભૂખથી અજાણ એવાં કરમૈતી ચાલ્યાં જાય છે!

રાત્રિ પૂરી થઈ સવાર થતાં માતા જાગ્યાં. એમણે ઘરમાં કરમૈતીને ના જોઈ. એમણે પોતાના પતિને જગાડ્યા. પરશુરામ આ દુઃખદ સમાચાર સાંભળી ગભરાઈ ગયા! પોતાની યુવાન–પુત્રી ક્યાં ચાલી ગઇ હશે, એનું શું થશે! લોકો શું કહેશે! વગેરે વિચારોથી એ મૂંઝાઇ ગયા. મનમાં તો એ સારી રીતે સમજતા હતા કે એમની પુત્રી તો ત્યાગી ને ભગવદ્પ્રેમી છે તેનું મન નિરંતર પ્રભુમાંજ રહેતું પણ લોકો એ થોડું સમજવાના! એ તો એને કંઇ કંઈ કલંક લગાડશે. વળી આંગણે આવેલા, જમાઇ, વેવાઈ ને અન્ય સગાઓ શું કહેશે!

આ બધા વિચારોથી એ બહુ દુઃખી થઈ ગયા. પરંતુ હવે શું થાય!

આ બાજુ કરમૈતી તો ફરતાં ફરતાં હરિદ્વાર આવી પહોંચ્યાં. પતિત પાવની ગંગા મૈયાનાં દર્શન ને સ્નાન કરી એ કૃતાર્થ થયાં. હવે એમણે ભગવાન કૃષ્ણની લીલાભૂમિ



વૃંદાવનમાં જવા વિચાર્યું. વૈષ્ણવોના એક સંઘ સાથે તેઓ વૃંદાવન પહોંચી ગયાં.

તે વખતનું વૃંદાવન એ તો સાચા વૈરાગી વૈષ્ણવ સાધુઓનું નિવાસસ્થાન. ભગવાન કૃષ્ણની એ લીલાભૂમિનું દર્શન કરતાં એ ભાવવિહ્વળ બની ગયાં.

એમણે વૃંદાવનમાં એકાંત જંગલમાં આવેલ બ્રહ્મકુંડ ઉપર વાસ કર્યો. અહીં તેઓ કૃષ્ણપ્રેમની મસ્તીમાં ને એના સતત સ્મરણમાં ડૂબેલાં રહેતાં.

એમનામાં હવે ભગવદ્પ્રેમ, ત્યાગ, સમર્પણ ને શ્રદ્ધા-ભક્તિ પરિપૂર્ણરૂપે ખીલી ઊઠ્યાં હતાં. આને લીધે અવારનવાર તેઓને લગવાન કૃષ્ણની ઝાંખી ને સાન્નિધ્યનો અનુભવ થતો પરિણામે તેઓ આનંદ ને પ્રભુપ્રેમની મસ્તીમાં ડૂબેલાં રહેતાં.

એમના પિતા પરશુરામે આસપાસ ઘણી તપાસ કરી પરંતુ કરમૈતીનો પત્તો લાગ્યો નહિ. એટલે એમણે તીર્થધામોમાં તપાસ કરવા માંડી. એમને ખાત્રી હતી કે એમની પુત્રી કોઇક તીર્થધામમાંજ હશે. એટલે તેઓ ફરતા ફરતા વૃંદાવન આવ્યા. અહીં ઘણી શોધ કરી પણ કરમતીનો કોઇ પત્તો લાગ્યો નહિ. એટલે એ ખૂબ નિરાશ થયા.

“એમને થયું ઘરે જઇને હું એની માને શું કહીશ! જો પુત્રીની ભાળ ન મળે તો મારે ઘરે જવું નથી.” એવો સંકલ્પ એમણે કર્યો.

પછી વૃંદાવનથી નીકળી, તેઓ જંગલમાર્ગે પસાર થઇ રહ્યા હતા, ત્યાં રાત્રિ પડતાં એક વૃક્ષ નીચે મુકામ કર્યો ત્યાં તો પાસેના કુંડ ઉપર પાણી લેવા જતાં ચંદ્રમાના તેજમાં એમણે એક સ્રીને કુંડના પગથિયાં ઉપર ધ્યાનમાં બેઠેલી જોઇ! તેઓ તેને જોઇ રહ્યા. પાસે ગયા તો એમના

આશ્ચર્ય વચ્ચે એ કરમૈતી જ હતી ! ધ્યાનમાં ડૂબેલી પોતાની પુત્રીને સાધુવેશમાં જોતાં એમને એક સાથે હર્ષ ને શોકની મિશ્ર લાગણી થઇ આવી.

એમને હર્ષ એ વાતનો થયો કે પ્રભુએ એમને કેવી ભગવતપ્રેમી પુત્રીના પિતા થવાનું સૌભાગ્ય આપ્યું છે ? ને શોક એ વાતનો થયો કે એ સાધુવેશમાં હતી. એણે કેટલું બધુ કષ્ટ વેઠયું હશે !

કેટલોય સમય વીતી ગયો. પણ એ ધ્યાનમાંથી ઊઠયાં નહિ. એટલે એમને હલાવ્યાં ને જાગૃત કર્યાં.

પોતાની સમક્ષ પોતાના પિતાને જોઇને એમને આનંદ ને આશ્ચર્ય થયાં.

પરશુરામજીએ કહ્યું, " બેટા, ઘેર ચાલ, તારી મા તારી રાહ જુએ છે. ત્યાં તું તારૂં સાધન ભજન કરજે. "

કરમૈતીએ કહ્યું, " પિતાજી, અહીં આવીને કોઇ પાછું ગયું છે ખરૂં ! અહીં આવ્યા પછી મારા મનમાંથી બધા રાગ ને આસક્તિ જતાં રહ્યાં છે. હવે મારે ઘરબાર કેવાં ? હું પ્રભુ પ્રેમમાં મારી જાતને જ ખોઇ બેઠી છું. મારી સાર સંભાળ પ્રભુ પોતે જ રાખે છે. પ્રભુ, અત્યારે અહીં જ બેઠા છે. તમે એમને જોઇ શકતા નથી, પણ હું જોઈ શકું છું. તમને પણ એનાં દર્શન થશે. તમે મા સાથે રહી એમનું સ્મરણ-ભજન કરતા રહેજો. "

પરશુરામજીએ પુત્રીને સમજાવી જોઈ, પરંતુ જ્યારે એમને ખાત્રી થઇ કે એ હવે ઘરે પાછી આવે એમ નથી. એના માટે એનું કોઇ પ્રયોજન નથી. એટલે પુત્રીને મનોમન વંદન કરી એ ઊઠીને ચાલવા માંડ્યા. એમણે કૃષ્ણભકિતનો સંકલ્પ પોતાના મનમાં કરી લીધો.



ઘણા બધા સમય પછી પોતાના પતિને ઘરે એકલા પાછા ફરેલા જોઇ, એમના માતાના મનમાં ફાળ પડી, પરંતુ જ્યારે પોતાના પતિના સ્વમુખે પુત્રીનો વૃત્તાંત સાંભળ્યો, ત્યારે એમને આનંદ થયો.

પતિએ કહ્યું, " દેવી, તમને ધન્ય છે કે તમારી કુખે આવું સ્ત્રીરત્ન જન્મ્યું. એનાથી આપણું કુળ પવિત્ર થઈ ગયું. તમારી પુત્રીને ભગવાન કૃષ્ણનાં દર્શન થયાં છે. એને શાંતિ મળી છે. તે પ્રભુ સ્મરણ કરતાં કરતાં પ્રભુમય બની ગઇ છે. આપણે એની શી ચિન્તા કરવાની ? ' દેવી, હવે આપણે પણ ભગવાનની ભકિતમાં લાગી આપણું જીવન સાર્થક કરીએ. "

એ પછી, પતિ-પત્ની બન્ને કૃષ્ણભકિતનો આશ્રય કરી, પ્રભુની પરમ કૃપા પામ્યાં.

કહેવાય છે કે કરમૈતી પણ પરમ તપ કરતાં કરતાં શ્રી કૃષ્ણમાં વિલિન થઈ સમાઇ ગયાં. કેવી અદ્ભૂત ભકિત-ને કેવો અદ્ભુત કૃષ્ણપ્રેમ !

ભક્તિ એ સાધના છે.

* * *

પ્રભુથી અળગા થયેલા પ્રવાસી, અવલોકન માટે નીકળેલ પ્રવાસી જેમ, પોતાના પ્રવાસની પૂર્ણાહુતિ કરી વતનમાં આવે ત્યારે તેને સંતૃપ્તિ અનુભવાય છે. તેમ ભકિત પણ આજ પ્રકારની સંતૃપ્તિ છે.

## મા સર્વેશ્વરી

હું તો પૂજુ તમારા પાય રે, મા સર્વેશ્વરી.
તમે જાણી લીધા કિરતાર રે, „
મારી ઝૂંપડી પાવન કરનાર રે, „
તમારી કૃપા તણો નહિ પાર રે, „
માએ વ્રત-તપ કીધાં અપાર રે, „
માએ યોગેશ્વર પ્રભુ મેળવ્યા રે, „
એવા ગુરૂ લાખોમાં એક રે, „
માડી આશીષ અમને દેનાર રે, „
મા જ્યોતિર્મયીની કરી સેવ રે, „
તેનો મહિમા અપરંપાર રે, „
તમે સર્વનો ત્યાગ કરનાર રે, „
તમારૂં માયામાં મનડું ન લગાર રે, „
હું તો ગુણ તમારા શું ગાઉં રે, „
તમે કરજો મારો તો સ્વીકાર રે, „
હું તો અવિચારી મૂઢ ગમાર રે, „
મારા કરજો અપરાધો માફ રે, „
મા, ભકતોનાં કરજો કલ્યાણ રે, „
અમારા વંદન હોજો હજાર રે, „

કાન્તાબેન વિશ્વનાથ જાની.



## પ્રેમનું મોતી

વાવી પ્રેમનું મોતી
રાધા, અનિમિષ નયનેજોતી......વાવીપ્રેમનું.

આજ ઉગે કે કાલ, પ્રતીક્ષા
પલપલ ક્ષણક્ષણ કરતી,
આરત-અરમાનોથી અન્તર
અધિક-અધિકતર ભરતી,
એની અધિરાઈની અવધિ !
સહેજે ધીરજ ખોતી.......વાવીપ્રેમનું.

ગોકુળની ગાયો, ગોવાળો,
માધવ મુરલીવાળા
રાધા સ્વપ્ને દેખે દેતી
સૌને મુકતા માળા !
જાગરણે અંકુર ના જોતી
સૂધબુધ દે ખોતી.......વાવીપ્રેમનું.

ઝાડ ઉગે કે વેલ, રાધિકા
રસિકા માધવ-ઘેલી,
નિશદિન સીંચે અશ્રુનાં જલ
વરસે વિરહહેલી !
માધવ ! માધવ ! ના આલાપે
યુગયુગ ફરતી રોતી.......વાવીપ્રેમનું

ડૉ. રણજિત પટેલ (અનામી)

# પૂ. મોટાના જીવન પ્રસંગો

"અનુરાગી"

પૂ. મોટાના જીવનમાં ખરેખર આધ્યાત્મિક સાધનાનો આરંભ નાનપણમાં ક્યારે થયો, તે ચોક્કસ કહી શકાતું નથી. પણ એટલું ખરૂં કે તેઓ સારા નૈતિક સંસ્કારો લઇને જન્મેલા. એટલે એમને ઘણી ગરીબાઈ છતાં, કશું ખોટું કરવાનું ગમતું નહિ. જીવનની આજીવિકાર્થે પણ, એમણે કદી જૂઠ અને અસત્યનો આશ્રય લીધો નથી. એ એમની વિશેષતા હતી.

કાલોલથી પૂ. મોટા આગળ અંગ્રેજી ભણવા પેટલાદ આવ્યા. અહીં તેઓ શ્રી પ્રભાબાના ઘરમાં રહ્યા. તેઓ ખૂબ ધાર્મિક, ગરીઓ પ્રત્યે સહાનુભૂતિવાળાં ને ઉદાર હતાં. આમ ધર્મના પ્રત્યક્ષ સંસ્કારોની અસર તેમના પર અહીં પડી.

પેટલાદમાં તે સમયે શ્રી જાનકીદાસજી નામે એક સંત રંગવાલા શેઠને ત્યાં આવતા. તેઓ એક સારા સંત હતા. બીજા ભક્તોની જેમ પૂ. મોટા પણ એમના દર્શને જતા. તેમને તે ઘણું ગમતું. પરંતુ બીજા ભકતો કરતાં તેઓ જૂદા હતા. એમનો સ્વભાવ ઉદ્યમી એટલે આ સંતને ત્યાં દર્શને જાય ત્યારે તેમનો ઓરડો વાળીને સાફ કરે; ધોયેલાં કપડાને વાળીને સરસ ઘડી કરે. કોઇની સૂચનાની કદી રાહ ન જુએ.

પૂ. જાનકીદાસજી મહારાજ આ બધું જોયા કરતા. તેમને આ છોકરાનો નમ્ર, સરળ ને કામગરો સ્વભાવ ગમતો. એટલે એમણે એક દિવસ પૂ. મોટાને પોતાની પાસે બોલાવી પૂછ્યું કે તે શું કરે છે?

પૂ. મોટાએ કહ્યું "હું મેટ્રિકમાં અભ્યાસ કરું છું."



તો સંતે પોતાની શક્તિથી જાણી લીધું કે કેમ, પરંતુ પૂ. મોટાને તેમનો અભ્યાસ પછીના બે માસમાં પૂરા કરવાની સૂચના આપી. એટલું જ નહિ, પરંતુ જે જે શિક્ષકો એમની પાસે આવતા તેમને તેઓએ પૂ. મોટાને અભ્યાસમાં મદદ કરવા અનુરોધ કર્યો.

પૂ. મોટા ભણવામાં તેજસ્વી હતા. એટલે મોટાભાગનો અભ્યાસ તેઓ બે માસમાં જ પૂરો કરી શકયા.

પૂ. મોટાના મોટાભાઇ અમદાવાદમાં રહેતા એટલે પ્રિલિમિનરી પરીક્ષા પહેલાં તેઓ તેમને મળવા આવ્યા; પરંતુ દૈવયોગે અહીં આવી બીમાર પડી ગયા.

પહેલાં તો બે ચાર દિવસમાં સાજા થઈ જવાશે, એમ લાગ્યું. પરંતુ એમની એ ધારણા ખોટી પડી. માંદગી લંબાતી ચાલી. હવે પૂ. મોટાને પરીક્ષાની ચિન્તા થવા માંડી. વર્ષ બગડવાનો ભય ઊભો થયો.

દાકતરે પણ અભ્યાસ ન કરવાની ને આરામ લેવાની સલાહ આપી. પ્રિલિમિનરી પરીક્ષાનો સમય પણ પસાર થઈ ગયો.

છેવટે પ્રભુકૃપાથી તેઓ સાજા તો થઇ ગયા; પરંતુ ખૂબ નબળાઈ આવી ગયેલી.

પેટલાદ આવ્યા પછી શાળાના આચાર્યને મળ્યા. બધી વાત કરી.

આચાર્યે હિમ્મત આપતાં કહ્યું, 'તું ચિન્તા ન કરતો. તારું પરીક્ષાનું ફોર્મ અમે ભરી દીધું છે. તેં અભ્યાસ તો પહેલાં-થી કરી દીધો છે, એટલે તને મુશ્કેલી નહિ જ આવે."

આમ શ્રીજાનકીદાસજીની દિવ્યદૃષ્ટિની સહાયથી પૂ. મોટાનું વર્ષ બચ્યું. તેઓ મેટ્રિકમાં સારા નંબરે પાસ થયા.

પછી તેઓ કોલેજમાં અભ્યાસ કરવા વડોદરા આવ્યા. પરંતુ ત્રણ વર્ષનો અભ્યાસ પૂરો થયો ને અંતિમ વર્ષ હતું, ત્યાં પૂ ગાંધીજીના આદેશને માન આપી તેઓએ અધવચ્ચેથી અભ્યાસ છોડયો. તે વખતે અભ્યાસ છોડી અ-સહકારમાં જોડાનાર વડોદરા કોલેજના બે વિદ્યાર્થી હતાઃ

એક શ્રી પૂ. મોટા અને બીજા શ્રી પાંડુરંગ વળામે. જેઓ પાછળથી સંત શ્રીરંગ અવધૂતના નામે પ્રસિદ્ધિ પામ્યા.

અભ્યાસ છોડયા પછી પૂ. મોટા ગુજરાત વિદ્યાપીઠમાં જોડાયા. એક દિવસ પૂ. ગાંધીજી વિદ્યાપીઠમાં આવ્યા તેઓએ કહ્યું " દેશ અત્યારે ભડકે બળે છે, ત્યારે તમારાથી ઠંડે કલેજે અભ્યાસ શી રીતે થાય ? "

પૂ. મોટાને ગાંધીજીના આ શબ્દો અસર કરી ગયા ! તેઓએ વિદ્યાપીઠનો અભ્યાસ છોડી દીધો અને અસ્પૃશ્યતા નિવારણના કામમાં શ્રી ઈંદુલાલ યાજ્ઞિક સાથે જોડાઇ ગયા. નડિયાદમાં શ્રી યાજ્ઞિકે હરિજન આશ્રમ શરૂ કરેલો. તેમાં તેઓ જોડાયા. અહીં તેઓ હરિજન બાળકોને શિક્ષણ આપવાનું કામ કરતા. સાથે સાથે સેવક તરીકેની કામગીરી પણ બજાવતા.

હરિજન બાળકોને તેઓ તળાવે સ્નાન કરાવવા પણ કદીક લઈ જતા. ત્યારે તેઓ લોકોને ખુલ્લંખુલ્લા કહેતા કે "આ હરિજન બાળકો છે."

પૂ. મોટાની આ પદ્ધતિ લોકોને ગમતી નહિ. તેથી ઘણા ખેડુતો ને બીજા સવર્ણો નારાજ થતા. આથી બાળકોની રક્ષા-ની મોટાને ઘણીવાર ખૂબ ચિન્તા રહેતી.

એમાં એમને વાઈ જેવો ફેફરાનો રોગ લાગુ પડયો. એ ગમે ત્યાં જતા હોય તોપણ રસ્તામાં રોગનો હુમલો થતાં બેભાન થઈ પડી જતા. છતાં ઈશ્વરે તેમની અદ્દભુત રક્ષા કરી.



નર્મદા કિનારે મોખડી ઘાટ પાસે પૂ. મોટા આરામ લેવા કોઇકવાર જતા. ત્યાં નજીકમાં રણછોડજીનું મંદિર હતું. તેમાં એક સાધુ મહાત્મા રહેતા. તેમની પૂ. મોટા યથાશકિત સેવા કરતા.

એક દિવસ તેઓ ત્યાં હતા ને તેમને ફેફરાનો હુમલો થયો. મહાત્માએ તે જોયું. પૂ. મોટાને જ્યારે શુદ્ધિ આવી આવી ત્યારે મહાત્માને પગે લાગવા ગયા. તેમણે કહ્યું "બેટા સતત ભગવાનનું સ્મરણ કરતો રહેજે તો તારૂં દર્દ મટી જશે."

પૂ. મોટાને થયું કે મહાત્માએ કોઇ જડી બુટ્ટી રોગ મટાડવા આપી હોત તો સારૂં થાત. માત્ર ભગવાનના નામ સ્મરણથી રોગ થોડો મટે ? એમને મહાત્માના એ શબ્દોમાં વિશ્વાસ ન બેઠો.

તેઓ ફેફસાના રોગથી કંટાળી ગયા હતા. સામાન્ય રીતે આવો રોગ સ્ત્રીઓને થતો હોય છે. પરંતુ ઘણી બધી આર્થિક ને બીજી ચિન્તાઓથી પૂ. મોટાને આ રોગ લાગુ પડેલ ને ઘણી દવા કરવા છતાં તે મટતો ન હતો.

એથી મોટા મોખડી ઘાટથી ગરૂડેશ્વર આવ્યા. ત્યાં નર્મદા મૈયાના પ્રવાહની પાસેની એક ભેખડ ઉપર બેઠા. પ્રવાહને જોતાં ઊંડા વિચારમાં ડૂબી ગયા. પછી નર્મદા માતાને પ્રાર્થના કરી, તેમણે પ્રવાહમાં ઝંપલાવી દીધું.

પણ ત્યાં તો ચમત્કાર થયો.

પાણીના પ્રવાહમાંથી એક પ્રચંડ વંટોળ પ્રકટ્યો. તેણે જોતજોતામાં પૂ. મોટાને ઉછાળીને ભેખડથી દૂર કિનારે ફેંકી દીધા ! આ વંટોળના મધ્યમાં તેઓને અલૌકિક દિવ્ય જ્યોતિનું દર્શન થયું. એ જોઈ એમને થયું. " જીવનમાં હજુ કાંઇ

(અનુસંધાન પાનાં ૫૪ ઉપર)

# મહાત્મા મસ્તરામ

રાજેન્દ્ર ના. જાની

મહાત્મા મસ્તરામ એટલે મસ્તરામ.

નામ પ્રમાણેના જ ગુણ.

શરીર પણ એવું જ રુષ્ટપુષ્ટ–અલમસ્ત.

શરીર ઉપર માત્ર પોતડી જ પહેરે બાકી અંગ સાવ ઊઘાડું.

ભાવનગરના મહારાજા શ્રીતખ્તસિંહજીના વખતમાં તેઓ થઈ ગયા. મહારાજા એમના પ્રત્યે ખૂબ ભાવ ને આદર રાખતા. એમની સેવા કરતા. પરંતુ મસ્તરામ કોનું નામ? એ કદી કોઈની સેવાનું બંધન પણ સ્વીકારે તો થઇ રહ્યું!

એમનો કોઇ આશ્રમ નહિ. કોઈ સ્થાન નહિ. ગમે ત્યાં રાતવાસો કરી લે. આમ છતાં કેટલાક ભક્તોના પ્રેમને વશ થઈ કદીક કદીક સામે ચાલીને એમને ઘેર ભિક્ષા લેવા જાય. ભોજનમાં પણ એટલા જ સાદા. મિષ્ટાન્ન કદી ખાય જ નહિ. રોટલા ઉપર કદી ઘી કે ચોપડ કરવાનું નહિ. એ માટેની ચુસ્ત સૂચના. ભૂલેચૂકે પણ ભાણામાં મિષ્ટાન્ન મૂકાઈ ગયું તો ખાધા વગર ચાલ્યા જાય. એ કહેતા. "સાધુને જો સંપૂર્ણ ઇન્દ્રિયનિગ્રહ કરવો હોય તો મિષ્ટાન્નથી સદાય દૂર રહેવું."

---

(પાનાં ૫૩ નું ચાલુ)

કરવાનું લાગે છે. એટલે જ પ્રભુએ આમ બચાવ્યો."

પૂ. મોટાના જીવનમાં આવી પ્રત્યક્ષ ચમત્કારી ઘટના પહેલી વાર જ બની. આ પ્રસંગે પ્રભુમાં એમની શ્રદ્ધા વધારી દીધી. તે પછી એમણે આત્મ વિસર્જનનો વિચાર માંડી વાળ્યો. (અપૂર્ણ)

(શ્રી. મુકુલભાઇ કલાર્થીના પૂ.શ્રી મોટાના આધારે)



તેઓ વધારે ભાગે બોટાદ રહેતા છતાં વિહરતા વિહરતા તે ભાવનગર, વરતેજ ને શિહોરમાં પણ જઇ ચઢતા.

એકવાર તેઓ ભાવનગર બાજુ વિચારતા હતા. ત્યાંથી મધ્યરાત્રિ પછી ચાલવા માંડયું. વરતેજ આવ્યું ત્યાં માલેશ્રી નદીના કાંઠે રેતીમાં બેસી ગયા ને ધ્યાનમાં ડૂબી ગયા. સમાધિ લાગી ગઇ.

વરતેજની નદી કાંઠે વાડીઓ. આ વાડીઓમાં ફળો ઘણાં થાય. મોટાભાગની વાડીના ગિરાસદારી માલિકો દરબારો. તેઓ રાત્રે વાડીનું રખેવાળું કરી વહેલી સવારે ઘરે પાછા આવે. પછી શિરામણ કરી પાછા જાય.

મહાત્મા મસ્તરામ નદીમાં જ્યાં બેઠા હતા, તેમની પાસેથી ત્રણેક યુવાન દરબારો હાથમાં હુક્કા લઇને નીકળ્યા. તેઓ બધા વાડીએથી વહેલી સવારે ઘરે જઇ રહ્યા હતા. એમણે આ સાધુ જેવા માણસને નદીની રેતીમાં બેઠેલો જોયો. એમને થયું આ કોઇ ઢોંગી લાગે છે. આપણને જોઇને એણે આંખો મીંચી દીધી છે, આપણે જઇએ એટલે વાડીઓમાંથી ફળો ચોરીને એ પલાયન થઈ જશે. આમ વિચારી એ ત્રણે જણાએ બૂમ પાડી, "અલ્યા એ કોણ બેઠો છે?" પણ કોઇ જવાબ ન મળ્યો.

આથી એ ત્રણેએ બીજી ત્રણચાર બૂમો પાડી, પરંતુ સામો કોઇ જવાબ નહિ. એમને થયું કોઈ પાકો ઢોંગી છે. એટલે એમની પાસે ગયા. મહાત્મા તો સમાધિમાં ડૂબી ગયા હતા. શરીરનું કોઇ બાહ્ય ભાન નહિ. એમણે તે કંઈ સાંભળેલુંજ નહિ. સાંભળ્યું હોય તો, તો સામો જવાબ વાળે ને!

આથી તેઓ ચિઢાયા. એમાંથી એકને તુક્કો સૂઝ્યો. એણે કહ્યું. "તમે બે આઘા ખસો. હમણાંજ સાળાની પરીક્ષા. કેવો નથી બોલતો!"

એમ કહી એણે હુક્કાના અંગારામાંથી એક મોટો અંગારો મહાત્માની ઉઘાડી સાથળ ઉપર મૂકી દીધો !

પણ મહાત્મા તો એવા જ સ્થિર. પહેલા હતા એવાજ. સાથળ ઉપર અંગારો પડ્યો તોપણ હાલે કે ચાલે.

આ જોઈ ત્રણે મૂંઝાઇ ગયા. થોડી વારમાં તો સાથળ ઉપર મોટો ફોલ્લો પડી ગયો. છતાં મહાત્મા તો કશું બોલે કે ચાલે. આંખ એવી જ બંધ

આ જોઇ દરબારો વિમાસણમાં પડ્યા. એમણે અંગારો સાથળ ઉપરથી ખસેડી લીધો. પછી પરસ્પર કહેવા લાગ્યા. 'કોઇ મોટો મહાત્મા લાગે છે ભાઇ !' અંગારો મૂકનાર યુવાન પસ્તાવો કરવા લાગ્યો. એને ડર લાગી ગયો કે મહાત્મા કદાચ કંઈ શાપબાપ દઇ દેશે તો !

આમ પસ્તાવો કરતા તે ત્રણે યુવાનો મહાત્માથી થોડે દૂર બેસી, એમને જોઈ રહ્યા. ત્યાર પછી કેટલીય વારે મહાત્માની આંખ ઉઘડી.

ત્યારે દિવસ ચઢી ગયો હતો. એટલે તેમણે ઊભા થઇ, નદી તરફ ચાલવા માંડ્યું.

ત્રણે દરબાર યુવાનો મહાત્માના પગમાં પડયા. માફી માગવા લાગ્યા. ને તેમનાથી અજ્ઞાનમાં આવું કૃત્ય થઇ ગયું તેનો પસ્તાવો કરવા લાગ્યા.

મહાત્મા કંઇ બોલ્યા નહિ. એમણે સાથળ ઊપરનો ફોલ્લો જોયો પણ કોઇ પ્રતિભાવ નહિ ફક્ત આ તરફ એક ક્ષમાયુકત સ્મિત વેરીને તે નદીના વહેણ તરફ ચાલવા લાગ્યા.

ત્રણે ગરાસિયા યુવાનો આ અદ્દભુત મહાત્માને મસ્તીપૂર્વક રેતીમાં ડગ ભરતા જોઈ રહ્યા. આવી અજબ હતી મહાત્મા મસ્તરામની તિતિક્ષા ને ક્ષમા !



# પ. પૂ. શ્રી યોગેશ્વરજીની પ્રવૃત્તિ–સમુદ્રની પેલેપાર

-તંત્રી

પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજી અને પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી તા. ૧૭–૧૧–૮૨ થી દક્ષિણ આફ્રિકાના પ્રવાસે પધારેલ છે.

તેઓશ્રીનાં સૌ પ્રથમ ડરબન શહેરમાં વિવિધ સંસ્થાઓ તરફથી પ્રવચનો થયાં. ત્યાંની જનતા ભાવિક છે. ત્યાં ગુજરાતીઓ, હિન્દીઓ, મુસ્લીમોની સંખ્યા પણ ઘણી મોટી છે. એટલે ત્યાં મંદિરો, સ્કુલો ને મદ્રેસાઓ પણ છે.

પૂ. શ્રીના ત્યાં શ્રી રામકૃષ્ણમિશનમાં બે અને દિવ્યજીવન સંઘમાં એક અંગ્રેજીમાં પ્રવચન થયાં. વળી રીઝર્વહીલમાં આત્મ સાક્ષાત્કાર (Self Realisation) ઉપર ત્રણ અંગ્રેજી-પ્રવચનો યોજાયાં આ ઉપરાંત અન્ય સ્થળોએ ગુજરાતી તેમજ હિન્દીમાં પ્રવચનો થતાં રહે છે. દરેક ઠેકાણે પૂ. મા સર્વેશ્વરીનાં ભાવભક્તિ પૂર્ણ ભજનો સાંભળી લોકો મુગ્ધ થાય છે.

તે ઉપરાંત, રેડિયો ઉપર પણ પૂ. શ્રીના ત્રણ વાર્તાલાપો વિવિધ સ્ટેશનોથી પ્રસારિત થયા, તેમાં બે અંગ્રેજીમાં અને એક ગુજરાતીમાં હતા.

વળી બે છાપાંઓના પ્રતિનિધિઓએ પૂ. શ્રીની મુલાકાત લઈ, ત્યાંના અખબારોમાં તેનો અહેવાલ પ્રસિદ્ધ કર્યો. તેમાં અંગ્રેજી દૈનિક (Leader) ના પ્રતિનિધિ શ્રી ટ્રેવોર હેરિસનો અહેવાલ સંક્ષેપમાં નીચે પ્રમાણે છે:–

"મારી આજીવિકા ચલાવવામાં સમાજ મને સહાયરૂપ થાય છે, તે સમાજ પ્રત્યેનું ઋણ અદા કરવા જો હું કંઈ ન કરું; તો હું ચોર ગણાઉં (મતલબ કે સમાજને બદલામાં મારે આપવું જોઈએ.) પૂ શ્રીના આ શબ્દોથી શ્રી ટ્રેવોરે પોતાના અહેવાલની શરૂઆત કરી છે.

પૂ. શ્રીનો જીવનવૃતાંત ટૂંકમાં આલેખતાં એણે જણાવ્યું છે કે માત્ર ૧૬ વર્ષની નાની વયે સંસારનો ત્યાગ કર્યો. તેઓએ ગુજરાતી, હિંદી અને અંગ્રેજીમાં ૮૦ કરતાં વધુ પુસ્તકો હિંદુ ધર્મ ને ભારતીય સંસ્કૃતિ ઉપર લખ્યાં છે. હાલ તેઓ મહાભારત ઉપર લખી રહ્યા છે.

"એમનો દૃષ્ટિકોણ સંપૂર્ણ રાષ્ટ્રીય છે. તેઓ ભારતના ચાહક છે અને પ્રસંગ પડયે ભારતને સામાજીક ધાર્મિક અને રાજકીય ક્ષેત્રે દોરવણી આપી સેવા કરવા ઉત્સુક છે. તેઓનું કાર્યક્ષેત્ર ધર્મના સંકુચિત અર્થ કરતાં વિશેષ છે."

"તેઓ પ્રાર્થનાની શકિતમાં વિશ્વાસ ધરાવે છે. ભારતની આઝાદીની લડત જ્યારે ચાલતી હતી, ત્યારે તેઓ હિમાલયમાં સાધનામાં ડૂબેલા હતા છતાં પણ દેશના સ્વાતંત્ર્ય માટે ઈશ્વરને સતત પ્રાર્થનાઓ કરતા રહેતા."

"તેઓ માને છે કે ભારતીય સંતોએ લોકોને સેવા કરવા પ્રેરવા જોઇએ, તેમજ દેશને સામાજીક ધાર્મિક અને રાજકીય ક્ષેત્રોમાં કોઇપણ પદ કે પ્રતિષ્ઠાનો સ્વીકાર કર્યા વિના, દોરવણી પૂરી પાડવી જોઈએ."

શ્રી યોગેશ્વરજીએ વિશેષમાં ઉમેર્યું કે અમે રાજકીય નેતાઓ નથી, અને થવા માંગતા પણ નથી. અમે સંત પુરુષો છીએ અને અમારૂં કામ લોકોને ધર્મ અને જીવનના ક્ષેત્રોમાં સત્યનું આચરણ કેમ કરવું તે દર્શાવવાનું છે. ઘણીવાર



સત્ય કહેવું સરળ નથી હોતું. કારણકે બધાંને તે ગમે તેવું ન પણ બને. આમ છતાં દેશના હિત ખાતર સામાજીક કાર્યકરો, ધાર્મિક સંતો ને રાજકીય નેતાઓએ સાથે મળવું જોઇએ. તેમજ સાથે બેસી દેશના ઉત્કર્ષ માટેનાં દૃષ્ટિબિંદુઓ સાંભળી કાર્યક્રમો બનાવવા જોઇએ.

"દેશમાં ધર્મ, જ્ઞાતિ, કે રંગના ધોરણે કોઈ પ્રકારનો ભેદભાવ ન હોવા જોઇએ. સામાજીક સમાનતાના તેઓ હિમાયતી છે."

"તેઓ દક્ષિણ આફ્રિકાની યાત્રાએ કંઈ જોવા કે શીખવા નથી આવ્યા. તેઓએ બે અઠવાડિયાં દરમ્યાન ડરબનની આસપાસ યોગ, ધ્યાન ને આત્મિક શાન્તિની પ્રાપ્તિ વિષે પ્રવચનો આપ્યાં છે."

"દક્ષિણ આફ્રિકાના લોકોમાં હજી મહાત્મા ગાંધીજીનો આત્મા કામ કરી રહ્યો છે, એવું પોતાને જણાયું છે. એથી તેઓ પોતાની સ્વાતંત્ર્ય માટેની લડત ચલાવી રહ્યા છે."
"રંગભેદની નીતિ સામે ગાંધીજીએ લડત ચલાવી છતાં હજી રંગભેદ નાબૂદ નથી થયો. મને લાગે છે, તે માટે ઘણા બધા ગાંધીજીઓની જરૂર પડશે."

મહાત્મા ગાંધીજીએ સ્થાપેલ ફિનીક્સ વસાહતની ઉડતી મુલાકાત લઈ તેઓએ ત્યાંની પ્રવૃત્તિઓ નીહાળી હતી. ત્યાં હાલ કોઈ ઉલ્લેખનીય વ્યકિત કે પ્રવૃત્તિ નથી. આમ છતાં શ્રીમતી સુશીલાબેન ગાંધીને મળીને તેઓને આનંદ થયો."

"પોતાને ચૌદવર્ષની ઉમ્મરેજ પ્રેરણા થયેલી કે તેમનો જન્મ માનવજાતની સેવા માટે ને આધ્યાત્મિક જીવન જીવવા માટેજ છે. હિમાલયમાં જઈ તેઓએ પંદર વર્ષ સુધી સતત કપરી સાધના કરીને આત્મિક અનુભૂતિ પ્રાપ્ત કરી છે."

ભારતના યુવાનોમાં એમને પૂરતો વિશ્વાસ છે. તેઓ ભારતના પ્રવાસ દરમ્યાન વિવિધ રાજ્યોમાં ફર્યા છે ને દરેક ઠેકાણે કોલેજોમાં વિદ્યાર્થીઓ સમક્ષ પ્રવચનો આપ્યાં છે. વિદ્યાર્થીઓએ એમને ખૂબ પ્રેમ ને આદરથી સાંભળ્યા છે, કારણ કે તેઓને પ્રતીતિ થઇ છે કે હું તેઓને તેમજ ભારતને ચાહુ છું. કેવલ એક ધાર્મિક ઉપદેશક તરીકે તેમની પાસે જતો નથી.

* * *

તા–૨૬/૧૨/૮૨ પછી તેઓશ્રીના કાર્યક્રમો જોહાનીસબર્ગ, પ્રિટોરીયા, કેપટાઉન વગેરે શહેરોમાં યોજાઇ રહ્યા છે.

**‘ સહર્ષ ભેટ ’**

“ ‘અધ્યાત્મ’ ને પ. પૂ. શ્રી. યોગેશ્વરજીના હરેક કાર્ય-માં સદાય તત્પર રહેનાર શ્રી જે. વી. શાહે, પોતાના પુત્ર નીતિનભાઇના લગ્ન પ્રસંગે અધ્યાત્મને રૂા. ૧૦૧ની સહર્ષ ભેટ મોકલી છે તેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે ”



# રામકથા

યોગેશ્વરજી

[શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા]

મંદ છતાં મક્કમ પગલે આગળ વધતાં દશરથનંદન હૃદયાભિરામ રામને નિહાળીને રાજા જનકની પ્રસન્નતાનો પાર ના રહ્યો.

એમનું અંતર જ નહિ પરંતુ અંગે અંગ આનંદીને નાચી ઊઠ્યું.

એમની સંકલ્પ સિદ્ધિનો સમય છેક સમીપ આવી પહોંચ્યો, એવું એમને લાગવા માંડ્યું.

એમણે પરમાત્માને મનોમન પ્રાર્થના કરી : ‘ હે પ્રભુ, રામને જરૂર વિજયી કરજો. એમના વિજયમાં મારો વિજય પણ સમાઈ જશે. રામનો વિજય નહિ થાય તો મારા પર ચિંતા ને વેદનાનો વરસાદ વરસશે. સીતાને માટે આ સમસ્ત સમાજમાં રામ જ સુયોગ્ય છે. સીતા એને વરે એ જ બરાબર છે. એ જો કે શરીરે સુકોમળ છે, તો પણ એ ધનુષ્યને ઉંચકી શકે એવું કરી દેજો. ધનુષ્યને એમના કરતાં પણ વધારે સુકોમળ બનાવી દેજો. ’

સીતા અને ઉર્મિલાના પ્રાણમાં પણ પ્રસન્નતાની મીઠી લાગણી ફરી વળી.

ઉર્મિલાએ સીતાને કહ્યું : ‘ હવે થોડીક જ વાર બાકી છે. રામ પોતાના આસન પરથી ઉઠીને ગંભીર ગજેન્દ્રની પેઠે આગળ વધી રહ્યા છે. જોત જોતામાં એ ધનુષ્યનો ભંગ કરશે અને એની સાથે રાજા મહારાજાઓના ગર્વનું ખંડન થશે. ’

'અને નહિ કરે તો ?'

'એવી શંકા જ નકામી છે. રામ ધનુષ્યનો ભંગ નહિ કરે તો પણ પિતાજી એમની સાથે તારું પાણિગ્રહણ કરી દેશે એવું મને તો લાગ્યા કરે છે. પિતાજીને એમના પ્રત્યે કેટલો બધો પ્રેમ છે. તેની તો તને ખબર છે. એમને એ પહેલાં જ જોઇ લેત તો કદાચ આવી પ્રતિજ્ઞા જ ના કરત. પ્રતિજ્ઞા કરવાને બદલે એમની સાથે એ તારું પાણિગ્રહણ જ કરી નાખત. પરંતુ પ્રતિજ્ઞા કરી છે તો રામ ધનુષ્ય ભંગ કરશે જ. જો તો ખરી એ કેવા કામણગારા ને પ્રતાપી લાગે છે.

સીતાનાં નેહ નીતરતાં નેત્રો રામ પર જ મંડાયેલાં હતાં.

એ એમની આકૃતિને ધારી ધારીને જોતી અને એના રસનું પાન કરતી હતી. એનાં નેત્રો રામને નિરખીને તૃપ્ત નહોતાં થતાં. રામના રસમય રઢિયાળા રૂપને નજદીકથી જોઈને એનો અનુરાગથી અંજાયલો આત્મા આનંદી ઉઠયો. એના હૃદયના ધબકારા વધી ગયા. એના શરીરે રોમાંચ થયાં.

એને લાગ્યું કે દશરથનંદન રામના રૂપમાં પોતાના ભાગ્યોદયના દેવ જ આગળ આવી રહ્યા છે. એ દેવ પોતાના પર આજે અસાધારણ અનુગ્રહ કરવા તૈયાર થયા છે.

હમણાં જ ઘડીના છઠ્ઠા ભાગમાં જ એનું પરિણામ દેખાઈ આવશે.

એને ભાવભીના હૃદયે નારદનું સ્મરણ કર્યું ને જગદંબાને પ્રાર્થના કરી. એ પ્રાર્થનાને પરિણામે એની આંખ ભીની થઈ અને એમાંથી ત્રણ ચાર અશ્રુબિંદુ ટપકી પડ્યાં. એનો આત્મા રમણીયતાના રસભંડાર જેવા રામના આત્મા પાસે જઇને ઉભો રહ્યો.



એને થયું કે વિશેષ વિલંબ કર્યા વિના રામના કંઠમાંજ મારી મનોહર માળા આરોપિત કરી દઉં. આજ મારે માટે યોગ્ય છે. અને હવે વધારે વાર પ્રતિક્ષા કરવી ને વેદના વેઠવી ઉચિત નથી. એણે પોતાના હાથની વરમાળા પહેરાવી પણ દીધી. પરંતુ એ અભિનય તો અંગત, આત્મિક અથવા અંતરંગ હતો. બહારના જાહેર અભિનયને હજુ વાર હતી. એ બંને પ્રકારના અભિનયની વચ્ચે ભગવાન શંકરનું ધનુષ્ય આડખીલી રૂપ બનીને બેસી રહેલું.

ઉર્મિલાને એ પરિસ્થિતિની ખબર હતી. એટલા માટેજ સીતાને રામના હૃદયનો વિચાર કરતાં એને થયું કે વિધાતા કેટલો બધો કઠોર છે ! જેમનો અંદરનો સ્વયંવર થઈ ચૂકયો છે તેમને માટે પણ તે બાહ્યસ્વયંવરના આડંબરની અપેક્ષા રાખે છે !

ધનુષ્યની દિશામાં આવી રહેલા રામને જોઇને રાજા જનકને પોતાના આપ્તજન આવતા હોય એવું લાગવા માંડયું. એમના અંતરમાં એમને માટેના અનોખા ઉમળકા ઉઠવા લાગ્યા.

કેટલાકે એમને કાળરૂપે જોયા. રાવણ જેવા કેટલાંક બીજાએ બાળક જેવા જાણીને ઉપહાસપાત્ર માન્યા, તો કેટલાકે અસામાન્ય શક્તિતત્ત્વના આશ્રયરૂપ માનીને ઉપાસ્યરૂપે જાણ્યા. પોતપોતાની વૃત્તિને વિચારણા પ્રમાણે સ્વયંવર મંડપમાં બેઠેલા બધાને એ જુદા જુદા રૂપે દેખાવા લાગ્યા મક્કમ છતાં શાંત ગતિએ ચાલતા રામ શંકરના ધનુષ્ય પાસે આવી પહોંચ્યા ત્યારે સ્વયંવર મંડપમાં એકઠો થયેલો વિશાળ માનવ મહેરામણ શું થાય છે તે જોવા માટે ઉત્સુક બન્યો. ચારે તરફ ઉંડી શાંતિ છવાઈ રહી.

મહર્ષિ વિશ્વામિત્રને પોતાનું સુખદ સ્વપ્ન ફળવાનો સમય સન્નિકટ આવ્યો લાગ્યો.

લક્ષ્મણ રામની પુરુષાર્થ પરતાને જોઈને તથા એમના અગાઉનાં પ્રખર પરાક્રમોને યાદ કરીને આશાભીનો તેમજ હરખઘેલો બની ગયો.

સીતા અને ઉર્મિલાની ડાબી આંખ અને ડાબી ભુજા ફરકવા માંડી.

એની મંગલમયતાનો વિચાર કરી, એને શુભ શુકન સમજીને બંને ઉત્સાહમાં આવી ગયાં.

રામ અત્યારે અત્યંત આકર્ષક દેખાવા માંડ્યા. એમણે પીતાંબર ધારણ કરેલું ને બીજાં સુંદર રંગીન વસ્ત્રો પહેરેલાં. એમના હાથ કોમળ અને લાંબા હતા. મસ્તક પર કાળા ભમ્મર કેશ અને મણિજડીત મુકુટ હતો. એને લીધે એ શોભાયમાન દેખાતા કે એમને લીધે એ બધી વસ્તુઓ આકર્ષક લાગતી ને શોભા ધારણ કરતીએ કહેવું મુશ્કેલ હતું.

એ સ્વયં સુંદરતાને મધુરતાની મૂર્તિ હોવાથી સૌને શોભા ધરતા એવું લાગી આવતું.

ધનુષ્યની પાસે આવીને એમણે ભગવાન શંકરનું સપ્રેમ સ્મરણ કરી, ધ્યાન ધરી, એ પ્રતાપી ધનુષ્યની ભારે આદરપૂર્વક પરિક્મ્મા કરીને એને પ્રણામ કર્યા. એ વખતે એવું લાગ્યું કે ભગવાન શંકર પોતે જ જાણે રામનું રૂપ ધારણ કરીને પોતાના ધનુષ્યને ઉંચકવા તથા જનક અને સીતાને શાંતિ આપવા આવી પહોંચ્યા છે.

(ક્રમશઃ)

# * જીવન અને અધ્યાત્મ *

અંગ પરંતુ આત્મા ના હોય,
સરિતા છતાં સલિલ, ફુલ છતાં ફોરમ,
મધ છતાં મધુતા,
તપસ્વી છતાં તપ ના હોય.
સિતારી છતાં સ્વરની સૃષ્ટિ,
વરસાદની વાદળી છતાં વૃષ્ટિ,
સ્નેહ છતાં સૃષ્ટિ, પ્રજ્ઞા છતાં પરિતૃપ્તિ ના હોય,
મધુર મન મોહક મુખમંડળમાં આંખ ના હોય,
પંખી છતાં પાંખ ના હોય.
પુરુષ છતાં પુરુષાતન, સ્ત્રી છતાં સ્ત્રીત્વ જ ના હોય.
બીજ, બળદ, હળ, જમીન, જળ છતાં ખેડૂત ના હોય,
દિલ દેનાર તોપણ લેનાર, લેનાર તો પણ દેનાર ના હોય :
ઘંટારવ, આરતી, નૈવેદ્ય, ઝાંઝ, પખાજ,
સોહામણું સ્વર્ણશિખર, ધ્વજ, પૂજારી સઘળું હોય
કિન્તુ મંદિરમાં મૂર્તિ જ ના હોય :
એવું જ અર્થહીન એકાકી લાગે છે જીવન
જેમાં બીજું બધું જ હોય કિન્તુ **અધ્યાત્મ** ના હોય.

—યોગેશ્વરજી

# ભક્તિ સર્વ કાંઇ આપવા સમર્થ છે.

ભક્તિથી ધ્યાન સહજ બને છે. અને સમાધિનો અલૌકિક અનુભવ પણ આપોઆપ થાય છે. ચૈતન્ય મહાપ્રભુ અને શ્રી રામકૃષ્ણ પરમહંસદેવ જેવા પરમ-ભક્તોનાં જીવન એની પ્રતીતિ કરાવે છે. જગદંબાનું સ્મરણ કરતાં કરતાં રામકૃષ્ણદેવને ભાવસમાધિ થઈ જતી. ચૈતન્ય મહાપ્રભુ ભગવાનના સંકીર્તનથી સ્તબ્ધ-તા અનુભવતા. મીરાં મશગુલ બનતી. રામકૃષ્ણદેવ કહેતા "હે મા, મને બધું આપ. જ્ઞાન, ભક્તિ, પ્રેમ, વૈરાગ્ય–તને જે યોગ્ય લાગે તે આપ. મારામાં કશી યોગ્યતા નથી. તારા દર્શનનીજ કામના છે. તું કૃપાકર. મારામાં જપ, તપ, વ્રત, સાધના કશાની જ શક્તિ નથી. એક તારો જ આધાર છે. તારી કૃપા વિના જીવન-માં કશો જ રસ નથી, કસ નથી, આનંદ નથી." એવી એમની પ્રાર્થનાના પરિણામે માએ એમના અંતરમાં આત્મજ્ઞાનનો અલૌકિક આવિર્ભાવ કર્યો, એમને સમાધિ આપી, શાંતિ સમર્પી. વળી પાછળથી એવી અનોખી અવસ્થાની પ્રાપ્તિ થઇ કે માનું નામ લેતાંવેંત એમને ભાવસમાધિ થઈ જતી. એ દેહભાન ભૂલી જતા. માની સાથે ઇચ્છાનુસાર વાતો કરતા. ભક્તિના પ્રબળ પ્રવાહ-ના પરિણામે એમને જે મળવું જોઇએ તે બધું જ મળી ગયું. આમ ઉચ્ચકોટિની ભક્તિ જ્ઞાન, ધ્યાન, સમાધિ સર્વ કાંઈ આપવા સમર્થ છે

—યોગેશ્વરજી.

રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, લોખંડબજાર, ભાવનગર. ☎ ૨૮૧૭૨